સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સિદ્ધિદાત્રી

વર્ષ : ૪૮ અંક : ૨૫૭ જૂનાગઢ તા.૧૧-૧૦-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 257, Junagadh : Date : 11 October, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી ખેલૈયાઓ અને ખેડૂતોમાં ચિંતા વ્યાપી

રાજકોટ, તા. ૧૧

સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી સત્તાવાર રીતે ચોમાસાની વિદાય થયા બાદ ગઈકાલે ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, સહિતના વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતાં નવરાત્રિમાં પણ ભર ઉંઘમાં સુતેલા લોકો જાગી ગયા હતાં અનેક જગ્યાએ વરસાદ પાણી ભરાયા હતા અને ખેતરો પણ પાણી પાણી થતા મગફળી સહિતના પાકને નુકસાનની ભીતિ સર્જાઇ છે. જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા સૌરાષ્ટ્રમાં ઘણી પ્રાચીન અને અર્વાચીન ગરબીઓ બંધ કરવાની ફરજ પડી હતી.

ગઈકાલે બપોર બાદ અને રાત્રી સુધી ઘણા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો તો હજુ બે કે ત્રણ દિવસ સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં હળવાથી ભારે વરસાદ પડવાની આગાહી છે.

## ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ ભારત વિરૂધ્ધ વિડીયો જારી કરી ઝેર ઓકયું

### ચીનનાં રાષ્ટ્રપતિ જિનપીંગને અપીલ કરીને ભારતનાં અરૂણાચલ પ્રદેશનો કબ્જો કરી લેવા જણાવ્યું

નવી દિલ્હી, તા.૧૧: ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટીસના આતંકવાદી ગુરૂપતવંત સિંહ પૂનુએ વીડિયો જાહેર કરીને ભારત વિરુદ્ધ ઝેર ઓકયું છે. દેશની એકતા વિરુદ્ધ નિવેદન આપતા તેમણે કહ્યું કે પંજાબ સિવાય અન્ય રાજ્યોમાં પણ આંદોલન ચલાવવામાં આવશે. ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના રિપોર્ટ અનુસાર, પન્નુએ કહ્યું કે SJFનું મિશન ૨૦૨૪માં વન ઈન્ડિયાને ૨૦૪૭ સુધીમાં નન ઈન્ડીયા બનાવવાનું છે.

SJF પંજાબથી અલગ ખાલિસ્તાન રાજ્ય બનાવવાની માંગ કરી રહી છે અને આ અંગે વૈશ્વિક જનમતની તૈયારીમાં વ્યસ્ત છે. જો કે, પંજાબમાં ભાગ્યે જ કોઈ પન્નુકીની માંગને સમર્થન આપે છે. તે જાણીતું છે કે ગુરપત ગુવંત સિંહ પન્નુ ન્યૂયોર્ક, અમેરિકામાં રહે છે અને કાયદાનો અભ્યાસ કરે છે. તેના વીડિયોમાં તેણે જમ્મુ-કાશ્મીર, આસામ, મણિપુર અને નાગાલેન્ડમાં સંપૂર્ણ સ્વતંત્રતા ચળવળ શરૂ કરવાની ધમકી આપી હતી; જેમ કે પંજાબમાં કરવાનો પ્રયાસ છે. ચીને હવે અરુણાચલ પાછું લઈ લેવું જોઈએ,

ખાલિસ્તાની પન્નુએ પોતાના વીડિયોમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને પણ અપીલ કરી છે. તેમણે કહ્યું કે જિનપિંગે તેમની સેનાને આદેશ આપવો જોઈએ અને આ અરુણાચલ પ્રદેશને પરત લેવાનો સમય છે. તેણે એવો ખોટો દાવો પણ કર્યો હતો કે અરુણાચલ ચીનની સરહદનો ભાગ છે. પન્નુને જણાવ્યું હતું કે SJF કેનેડિયન અને યુએસ નિયમો દ્વારા પૂરી પાડવામાં આવેલ સુરક્ષાનો આનંદ માણવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે ભારતની સાર્વભૌમત્વને નષ્ટ કરવાના પ્રયાસો ચાલુ રહેશે.

## દેશમાં એક સપ્તાહમાં રૂા. ૫૫૦૦૦ કરોડનું ઓનલાઈન શોપીંગ : કયાં છે મોંઘવારી !!!

નવી દિલ્હી તા. ૧૧ : તહેવારોની સિઝનમાં લોકો ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ઓનલાઈન શોપિંગ કરતા હોય છે. એક રિપોર્ટ અનુસાર, એક સપ્તાહમાં લોકોએ ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન અને ફિલપકાર્ટ પરથી ૫૫ હજાર કરોડ રૂપિયાથી વધુની ખરીદી કરી છે, જે એક નવો રેકોર્ડ છે. આ પ્લેટફોર્મ એક અઠવાડિયા પહેલા જ તહેવારોની મોસમનું વેચાણ શરૂ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓની ખરીદી વધુ થઈ હતી.

એનલાઈન માર્કેટપ્લેસોએ તહેવારોના વેચાણના એક સપ્તાહમાં ૬.૫ બિલિયન અથવા લગભગ રૂ. ૫૫,૦૦૦ કરોડના માલનું વેચાણ કર્યું હતું, જે ગત વર્ષની સરખામણીમાં ૨૬ ટકા વધારે છે, જેમાં મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિકસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હોમ અને સામાન્ય વેપારી વસ્તુઓનાં કુલ વેચાણનાં ત્રણ-ચતુર્થાંશ હિસ્સો છે.

## મધ્ય-પૂર્વમાં યુધ્ધથી ભારતમાં મોંઘવારી વધશે

નવી દિલ્હી,તા.૧૧

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને એક વર્ષ પુર્ણ થઈ ગયુ છે.હવે આ યુદ્ધ મધ્યપૂર્વનાં મોટાભાગમાં વિસ્તરી ચુકયુ છે. યુદ્ધનું ક્ષેત્ર લેબેનોન અને ઈરાન સુધી વધી ગયુ છે.મધ્યપૂર્વની આ અશાંતિ ભારત માટે ચિંતાજનક છે. ક્રુડ ઓઈલની કિંમતમાં સતત ઉતાર-ચડાવ જોવા મળી રહ્યો છે. વિશેષજ્ઞોનુ માનવુ છે કે ક્રુડ ઓઈલ ૧૦ ડોલર પ્રતિ બેરલે વધે છે તો તેનાથી ભારતમાં મોંઘવારી ૦.૫ ટકા વધી જાય છે.કારણ કે ભારત પોતાની જરૂરીયાતનાં લગભગ ૮૦ ટકા ક્રુડ ઓઈલ આયાત કરે છે.ક્રુડની કિંમતોમાં વધારાથી સ્પષ્ટ છે કે દરેક સામાનનો રાષ્ટ્રીય અને આંતર રાષ્ટીય સ્તર પર પરિવહન ખર્ચ વધશે.




દશેરાની હાર્દિક શુભેચ્છા....
PLASTIWOOD INDIA
પ્લાસ્ટીવુડ ઈન્ડીયા
યુનિક-કોર્પોરેટ ફર્નિચરનો શો-રૂમ
● કીચન ● બેડરૂમ
● લીવીંગરૂમ ● ઓફીસ
● સ્પેશ્યલ નિડ બેઈઝ ફર્નિચર
૧૦૦% વોટર અને ઉધઈ પ્રુફ ઈકો-ફ્રેન્ડલી
એક વખત અમારા શો-રૂમની રૂબરૂ મુલાકાત લો
સોરઠનાં શહેરોમાં ડિલરશીપ માટે સંપર્ક કરો
શ્યામ ચેમ્બરની સામે, દાતાર રોડ, જૂનાગઢ.
મો. ૯૯૦૪૬ ૭૬૦૦૭

દશેરા સ્પેશ્યલ ઓફર
(ફકત દશેરાના એકજ દિવસ માટે)
માંગરોળનો પ્રખ્યાત લીલા નાળીયેરનો હલવો
ફ્રી
૫૦૦ ગ્રામ ની ખરીદી ઉપર ૨૫૦ ગ્રામ
૧ કિલોની ખરીદી ઉપર અડધો કીલો
RK HALWA WALA
ગાંધી ચોક પાસે, ચિત્તાખાના રોડ, જુનાગઢ મો. ૯૮૨૪૮ ૧૩૭૩૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દશેરાની હાર્દિક શુભેચ્છા
શુધ્ધ ઘીની કેસરયુકત જલેબી
આખો દિવસ મળશે
જૂનાગઢમાં જુનુ અને જાણીતું વિશ્વાસ પાત્ર નામ એટલે...
કલ્યાણ
સુખડીયા આર. કે. મીઠાઈવાલા
મીઠાઈ તથા ફરસાણનાં પ્રખ્યાત વેપારી
કલ્યાણ સ્વીટ માર્ટ — સંઘાડીયા બજાર, જૂનાગઢ — મો. ૯૪૨૬૭ ૮૧૬૧૫
કલ્યાણ સ્વીટ માર્ટ — કોલેજ રોડ, જૂનાગઢ — ફોન : ૨૬૨૭૬૫૭
કલ્યાણ સ્વીટ માર્ટ
ગીરીરાજ મેઈન રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૩૬૦૯૫

વિજયાદશમીની હાર્દિક શુભેચ્છા...
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ

અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ




સતત ૩૫ વર્ષથી આપની સેવામાં
જલારામ
દિપકભાઈ રૂપારેલીયા
૯૯૨૫૩ ૯૯૨૫૫
૯૪૨૭૭ ૪૧૪૨૪
ફરસાણ & ડેરીફાર્મ
પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા
એમ. જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે, જૂનાગઢ.
દશેરાના દિવસે આખો દિવસ લાઈવ ફાફળા ગાઠીયા તથા એલાઈચી યુકત જલેબીતો ખરીજ...
દશેરાના તહેવાર નિમિત્તે ફરસાણ તથા મીઠાઈના ભાવમાં જંગી ઘટાડો
સાથે ફરસાણ તથા મીઠાઈમાં વિશાળ વેરાયટીઓ મળશે...

મીક્ષ મીઠાઈ – રૂા.૨૦૦
માવાની મીઠાઈ – રૂા. ૨૮૦
દૂધની મીઠાઈ – રૂા. ૩૬૦

# વેરાવળમાં આહીર સમુદાય આયોજીત નવરાત્રી મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર



## એકીસાથે ૧૨ હજાર થી વધુ આહીર-આહીરાણીઓ પરંપરાગત પરિધાન સાથે ગરબે ઘૂમ્યા : એસ.પી. જાડેજા, રાજભા ગઢવી સહિત આગેવાનો મહેમાન બન્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના વડામથક વેરાવળ ખાતે આહીર સમુદાયના ભવ્ય નવરાત્રી મહોત્સવ માં એકીસાથે ૧૨ હજાર થી વધુ આહીર-આહીરાણી ઓ પારંપરિક પરિધાન સાથે માં આદ્ય શક્તિ ની આરાધના સમાન ગરબે ઘૂમતા આકર્ષક નું કેન્દ્ર બન્યા તો આહીર સમાજ ના મહેમાન બની પધારેલા રાજભા ગઢવી આ દ્રશ્ય જોઈ પોતે સ્ટેજ પર આવી આહીર સમુદાય ના ઉજળા ઈતિહાસ સાથે રાસ ગરબા ની રમઝટ બોલાવતા ઉત્સાહસભર માહોલ સર્જાયો હતો. વેરાવળ બાયપાસ સ્થિત આહીર સમાજ ની વિશાળ વાડી ના પ્રાંગણ માં આહીર સમાજ ના યુવાનો દ્વારા વડીલો ના માર્ગદર્શન હેઠળ નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે જેમાં વેરાવળ સોમનાથ શહેર ઉપરાંત, વેરાવળ, તાલાલા, અને સુત્રાપાડા તાલુકા માંથી આહીર સમાજ ના પરિવારો ઉત્સાહભેર જોડાય છે. ગત રાત્રી ના આહીર સમાજ ના નવરાત્રી મહોત્સવ માં જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, લોક સાહિત્યકાર રાજભા ગઢવી સહિત અનેક સમાજ શ્રેષ્ઠીઓ મહેમાન બન્યા હતા ત્યારે આહીર સમુદાય ના ભાઈઓ બહેનો ને પોતાના પારંપરિક પરિધાન સાથે માતાજી ના ગરબે ઘૂમતા જોઈ આકર્ષક નું કેન્દ્ર બન્યા હતા અને આહીર સમાજ ના નવરાત્રી મહોત્સવ માં મહેમાન બની પધારેલા લોક સાહિત્યકાર રાજભા ગઢવી એ પણ રાસ ગરબા ની રમઝટ બોલાવી હતી.

અંદાજે ૧૨ હજાર થી વધુ આહીર-આહીરણીઓ પરંપરાગત પરિધાન સાથે આહીર સમાજના વિશાળ પ્રાંગણ માં માં આદ્ય શક્તિ ની આરાધના કરતા ગરબે ઘૂમતા અનેરા આકર્ષક નું કેન્દ્ર બન્યા હતા.

નવરાત્રી મહોત્સવ માં આહીર સમાજ ના અગ્રણી હીરાભાઈ જોટવા, હમીરભાઈ બારડ, અમુભાઈ સોલંકી, મેરુભાઈ પંપાણીયા, નરેન્દ્રભાઈ જોટવા, એડવોકેટ હમીરભાઈ વાળા, હીરાભાઈ રામ, વેજાભાઈ વાળા સહિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ ના યુવાનો ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# વેરાવળ, તાલાળા ગીર, વિસાવદર સહિતના ગ્રામ્ય વિસ્તારોના હરિભક્તો અક્ષરવાડીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સમીપ દર્શન માટે ઉમટ્યા

જૂનાગઢ તા.૧૧

અક્ષર મંદિર ખાતે વિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાતઃપૂજાનાં દર્શન આપ્યાં હતાં. બી.એ.પી.એસ સંસ્થાના અન્ય સદગુરુ સંત અને પ્રમુખસ્વામી મહારાજના સદાય સહવાસી રહેલા પૂજ્ય વિવેક સાગર સ્વામી આજે પધાર્યા હતા. તેમણે દર્શનાર્થે ગ્રામ્ય વિસ્તારના પધારેલ સહુ હરિભક્તો વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પૂજા બાદ પુષ્પહારથી વધાવ્યા હતા અને બપોરે આ ગ્રામ્ય વિસ્તારોના હરિભક્તોની જ્ઞાન શિબિરમાં પણ તેમણે કથા વાર્તાનો લાભ આપ્યો હતો.









ગઈકાલે સાંજે સભાના બદલે જે ગ્રામ્ય વિસ્તારોમાં પૂજ્ય અખંડ ચિંતન સ્વામી સત્સંગ પ્રવૃત્તિ સંભાળી રહ્યા છે તેવા જૂનાગઢ બી.એ.પી.એસ મંદિરના નેજા હેઠળ આવેલાં વેરાવળ, કેશોદ, તાલાળા ગીર, મેંદરડા, માળીયા (હાટીના), વિસાવદર વગેરે આશરે ૬૦ જેટલાં ગ્રામ્ય વિસ્તારોના હરિભક્તો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સમીપ દર્શને ઉમટ્યા હતા.જે ગ્રામ્ય વિસ્તારોમાં પૂજ્ય અખંડ ચિંતન સ્વામી સત્સંગ પ્રવૃત્તિ સંભાળી રહ્યા છે.

મંદિરનાં કેમ્પસમાં આવેલ બી.એ.પી.એસ વિદ્યામંદિરનાં કેમ્પસથી લઈ મંદિર સુધીના રસ્તાઓની કોરે આ ભક્ત શ્રદ્ધાળુઓ બેસીને ગોઠવાઈ ગયા હતા. અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કાચના કેબિન વાળી ગોલ્ફ કાર્ટમાં ઠાકોરજી સાથે વિરાજમાન થઈને, હાથ જોડતા, સહુ સાથે આંખો મિલાવીને સ્નેહસભર સ્મિત સાથે દર્શન દાન દેતા દેતા ધીમે ધીમે પસાર થયા હતા. સમીપ દર્શનમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આ એક વિશેષતા રહી હતી કે કોઈપણ હરિભક્તોના દર્શન ચૂકી જવાય તો ગોલ્ફ કાર્ટ રિવર્સ લેવડાવીને પુનઃદર્શન દ્રષ્ટિ કરતા સહુ ભક્તોને સંતોષ પમાડતા હતા. આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શનાર્થે શહેર -ગ્રામ્યના કેટલાંક અગ્રણી મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# આસો સુદ આઠમને શુક્રવાર આઠમા નોરતે માં મહાગૌરીની પૂજા

## આઠમું નોરતું મહાગૌરી માતાજીનું પૂજન : માતાજીનું આઠમું સ્વરૂપ નામ મહાગૌરી છે

માતાજીનું સ્વરૂપ એકદમ ગૌર છે એટલે કે સફેદ છે માતાજી આઠ વર્ષની બાળાના સ્વરૂપમા બીરાજે છે. માતાજીને ચાર હાથોમા જમણા હાથમા વરદાન મુદ્રા છે તથા ત્રિશુળ છે. ડાબી બાજુના હાથોમા ડમરૂ અને અભય મુદ્રા છે. મહાગૌરી માતાજીની પૂજાની ઉપાસના નવરાત્રિના આઠમા નોરતે થાય છે. માતાજીની ઉપાસના કરવાથી અમોધ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે અને ભક્તોનું કલ્યાણ થાય છે. સાથે પાછલા જન્મોમા કરેલા પાયોની પણ ક્ષય થાય છે. માતાજીની કૃપાથી અલૌકીક સિધ્ધિની પ્રાપ્તી થાય છે. જે મનુષ્ય માતાજીની ભકિત ભાવથી પૂજા કરે છે તેમને માતાજી વરદાન આપે છે અને તેમની બધી જ શુભ મનોકામના પૂર્ણ થાય છે.

માતાજીનો મંત્રઃ- ઓમ ક્રીં હ્રી વરદાય નમઃ

નૈવેદ્ય :- માતાજીને શ્રીફળ અર્પણ કરવું માતાજીને શ્રીફળ અર્પણ કરવાથી મનની બધી જ શુભ મનોકામના પૂર્ણ થાય છે

**શનિવારે નવમા નોરતે મા સિદ્ધિદાત્રી ની પૂજા**

આસો શુદ નોમ ને શનિવાર ૧૨ ઓક્ટોબર આ દિવસે સવારે ૧૧ વાગ્યા સુધી નોમ તિથિ છે આથી નવમા નોરતા ના માતાજીની ઉપાસના સવારના ૧૧ વાગ્યા પહેલા કરવી ઉત્તમ ગણાશે નવમું નોરતું સિધ્ધિદાત્રી માતાજીની પૂજા માતાજી નું નવમું સ્વરૂપનું નામ સિધ્ધિદાત્રી છે. માતાજી બધી જ પ્રકારની શુભ સિધ્ધિ આપનાર છે. માર્કન્ડેય પુરાણ પ્રમાણે અણિમા મહિમા, લધિમા, પ્રાપ્તી, પ્રકામ્ય, ઈશત્વ અને વશિત્વ આ આઠ પ્રકારની સિધ્ધિ છે. જયારે બ્રહ્મ વૈવર્તપુરાણમાં અઢાર પ્રકારની સિધ્ધિ બતાવવામાં આવી છે. ૧. અણિમા, ૨. લધિમા, ૩. પ્રાપ્તિ, ૪. પ્રકામ્ય, ૫. મહિમા, ૬. વિશિત્વ, ૭. સર્વકામ, ૮. સર્વરીત્વ ૯. દુર શ્રવણ, ૧૦. પરકાયા, ૧૧. વાકસિધ્ધિ, ૧૨. કલ્પવૃક્ષત્વ, ૧૩, સુષ્ટિ, ૧૪. સંહાર, ૧૫. અમરત્વ, ૧૬. સર્વન્યાથકત્ય, ૧૭, ભાવના, ૧૮. સિધ્ધિ,

મા સિધ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ બધી જ પ્રકારની સિધ્ધિ આપવાનું સામર્થ ધરાવે છે. દેવી પુરાણ પ્રમાણે ભગવાન શિવને માતાજીની કૃપાથી સિધ્ધિ પ્રાપ્ત થઈ હતી. મહાદેવજીનું સ્વરૂપ અર્ધનારીશ્વરના રૂપમાં પ્રખ્યાત થયા માતાજી સિધ્ધિદાત્રીનું પૂજન અને ઉપાસના કરવાથી પરમ શક્તિની પ્રાપ્તી થાય છે અને અમૃત તત્વની પ્રાપ્તી થાય છે.

મંત્રઃ- ઓમ હીં ક્રીં સિધ્ધિયે નમઃ

નૈવેદ્યઃ માતાજીને હલવો પુરી ખીર અર્પણ કરવા ગરીબોને ભોજન કરાવું.

(શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન)

# જૂનાગઢમાં વિકાસ સપ્તાહ અંતર્ગત બહાઉદ્દીન વિનયન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગિરનાર રોપ-વેની લીધી મુલાકાત

જૂનાગઢ તા.૧૧



વિકાસ સપ્તાહ અંતર્ગત બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ જુનાગઢ ખાતે આવેલા આઈકોનિક પ્લેસ એવા ''ગિરનાર રોપ-વે''ની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્ય અતિથિ તરીકે જુનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ઉપસ્થિત રહ્યા હતા. સર્વપ્રથમ કોલેજનાં આચાર્ય દ્વારા આગંતુક અતીથીનું માલ્યાર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે રોપ-વેનાં મેનેજર પિયુષભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને, અધ્યાપઓને તેમજ આગંતુક અતિથિઓને ''ગિરનાર રોપ-વે'' પ્રોજેક્ટની બારીક માહિતી તથા વિશેષતાઓ જણાવવામાં આવી હતી. ત્યારબાદ ધારાસભ્ય સાથે કોલેજનાં આચાર્ય તેમજ વિદ્યાર્થીઓ અને અન્ય અધ્યાપકઓ દ્વારા રોપ-વેના માધ્યમથી ગિરનાર પર્વત ઉપર સ્થિત અંબે માંના પ્રાચીન મંદિરના દર્શન તેમજ મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારે વિકાસ સપ્તાહ અંતર્ગત જુનાગઢનાં આઈકોનિક પ્લેસની મુલાકાતનો આ કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ થયો હતો. સમગ્ર કાર્યક્રમનાં આયોજન તથા સંચાલન બદલ કોલેજના આચાર્ય ડો.પી. વી. બારસીયા દ્વારા એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.હાર્દિક રાજ્યગુરુને તથા એન.સી.સી. ઓફિસર ડો.દીનાબહેન લોઢિયાને તથા પ્રાધ્યાપકઓની સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવ્યા હતા.


વન વિભાગ ગુજરાત રાજ્ય

તા. ૧૮.૦૯.૨૦૨૪ના રોજ ગીર રક્ષિત વિસ્તારના ઇકો સેન્સેટીવ ઝોન અંગેના પ્રાથમિક જાહેરનામા

**સ્થાનિક ખેડૂતોમાં ફેલાઇ રહેલ ગેરસમજ દૂર કરવા**







- ૨૦૧૮ સુધીમાં રાજ્યના ૩ રાષ્ટ્રીય ઉદ્યાન અને ૨૦ વન્યજીવ અભયારણ્યો ફરતે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે.
- નિયમ મુજબ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર, પાણીયા અને મિતિયાળા વન્યજીવ અભયારણ્ય ફરતે જ્યાં સુધી ઇકો સેન્સેટીવ ઝોન જાહેર ન થાય ત્યા સુધી સરેરાશ ૧૦ કી. મી. સુધી ગણવામાં આવે છે જેમાં ૩૮૯ ગામો આવે છે.
- તાજેતરમાં પ્રસિદ્ધ કરેલ ઇકો સેન્સેટીવ ઝોનના પ્રાથમિક જાહેરનામા મુજબ માત્ર ૧૯૬ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ગીર રક્ષિત વિસ્તારના ઇકો સેન્સેટીવ ઝોનના પ્રાથમિક જાહેરનામા મુજબ ઇકો સેન્સેટીવ ઝોનની હદ ૨.૭૮ કી. મી. થી ૯.૫૦ કી. મી સુધીની છે જે હાલના સરેરાશ ૧૦ કી. મી. થી ઓછી છે.
- ગીર રક્ષિત વિસ્તારના ઇકો સેન્સેટીવ ઝોનમાં હાલમાં જે નીતિ નિયમો/નિયંત્રણો અમલમાં છે તેમાં કોઇપણ પ્રકારનો વધારો કરવામાં આવેલ નથી.
- ખેડૂતોને તેમના ખેતરમાં ખેતી કરવા તેમજ તેને લગતી પ્રવૃત્તિઓ ઉપર કોઇપણ રોકટોક નથી. જેવી કે,
  - રાત્રી અને દિવસ દરમ્યાન ટ્રેક્ટર ચલાવવું
  - કુવો ખોદવો
  - વીજળી કનેક્શન લેવું
  - સિંચાઇ પદ્ધતિથી રાત દિવસ ખેતી કરવી
  - ખેતરમાં રાત દિવસ ૨૪ કલાક જવું આવવું
  - ગામ કે ખેતર જવાના જાહેર રસ્તાનો કોઇપણ સમયે ઉપયોગ તથા રસ્તાનું સમારકામ
  - ખેતરમાં મકાન બાંધવું કે ગોડાઉન બાંધવું
  - ખેતર ફરતે વંડી કરવી
  - કોઇપણ પ્રકારની ફસલ ઉગાવવી
- હયાત ગામતળ અથવા તો ભવિષ્યમાં નવું નીમ થનારૂ ગામતળમાં કોઇપણ વ્યક્તિગત, સામુહિક કે સરકારી પ્રવૃત્તિઓ જેવી કે, દવાખાના, આંગણવાડી, શાળા, પંચાયત કચેરી વિગેરે માટે વન વિભાગની મંજૂરીની જરૂરિયાત રહેતી નથી.
- પશુપાલન પ્રવૃત્તિ અન્વયે પોતાના ખેતરમાં કે ગામ વિસ્તારમાં તબેલો કે ગૌશાળા બનાવવા માટે વન વિભાગની મંજૂરીની જરૂરિયાત રહેતી નથી.
- લઘુ ઉદ્યોગ કે કુટિર ઉદ્યોગ ઉપર પ્રવર્તમાન નીતિ નિયમો લાગુ પડશે.
- સુચિત ઇકો સેન્સેટીવ ઝોનમાં સમાવિષ્ટ ૧૯૬ ગામો સિવાય અન્ય કોઇપણ ગામના કોઇપણ સર્વે નંબરોને ઇકો સેન્સેટીવ ઝોનના નીતિ નિયમો લાગું નહી પડે.
- ઇકો સેન્સેટીવ ઝોન વિસ્તારમાં સમાવેશ થયેલ ગામોના ગામતળ માટે સરકારશ્રી દ્વારા અલગ સદર ઉભું કરી બજેટ જોગવાઇના આધારે અલગ અલગ વિકાસના કામો કરવામાં આવશે.
- ઇકો સેન્સેટીવ ઝોનમાં માલિકીના ઝાડનું છેદન સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ કરી શકાશે.
- ઇકો સેન્સેટીવ ઝોનમાં આવતી નદીઓમાંથી રેતી સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઘરેલુ ઉપયોગ (Bonafide use) માટે લેવા પર કોઇ પ્રતિબંધ નથી.

મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ

**આ જાહેરનામા બાબતે આપના સુચનો નીચેના સરનામે મોકલી શકાય છે.**

મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યપ્રાણી વર્તુળ, સરદારબાગ, જુનાગઢ, ૩૬૨ ૦૦૧, ગુજરાત   cf.wl.jun@gmail.com

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના છાત્રોએ ભીંતચિત્રોના માધ્યમે વિકાસની ઝલક આળખી

## ધાર્મિક-પૌરાણિક અને હાલના સમયમાં તો રોજિંદા માનવજીવનના પ્રસંગોમાં ભીંતચિત્રોનું અદકેરૂ મહત્વ : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી





જૂનાગઢ, તા.૧૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનોમાં વિદ્યાભ્યાસ કરી રહેલ છાત્રાઓએ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભીંતચિત્રોનાં જૂનાગઢનાં વિકાસની ઝલકને રંગો અને પીંછીનાં સહારે ભીંતચિત્રો પર આળખી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આવા રૂડા અવસરનાં યાદગાર સમયને વધાવી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી થઈ રહી છે. ઉજવણીના ભાગરૂપ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓદ્વારા સુશાસન થકી વિકાસ, સ્ટાર્ટ અપ થકી સમૃધ્ધિ, ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણ સંતુલન, મહિલા સશક્તીકરણ, પુનઃપ્રાપ્ય ઊર્જા-નવો સુર્યોદય, ગુજરાતનાં વિકાસમાં પ્રવાસનની ભુમિકા, આત્મનિર્ભર ભારતની મારી સંકલ્પનાં, અવિરત વિજળી-અવિરત વિકાસ જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ ભીંત ચિત્રો આળખીને હતી.

વિકાસ સપ્તાહની ઉજવણીમાં ભીંતચિત્રો દ્વારા યુવાઓનું સંધાન વિષયે વાત કરતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે માનવીની સંસ્કૃતિક વારસાઈ ભીંતચિત્રો લોકજીવનનો ધબકાર રહ્યુ હતુ. છોટાઉદેપુરનાં વનક્ષેત્રોમાં વસવાટ કરતા પરિવારો આજેય વારલી ચિત્રો થકી સાંસ્કૃતિક અસ્મિતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યા છે, અગાંઉ ચિત્રલીપીનું પણ એક આગવુ સ્થાન રહ્યુ છે. ભીંતચિત્રોનું વિષયવસ્તુ સામાન્ય રીતે ધાર્મિક-પૌરાણિક અને હાલના સમયમાં તો રોજિંદા માનવજીવનના પ્રસંગો વગેરે જોવા મળે છે. પ્રસંગોને આળખાતા ભીંતચિત્રોમાં ખનિજ રંગોમાં ગેરુ, પીળી માટી, બદામી માટી, પથ્થરમાંથી નીકળતો લીલો રંગ તથા ગળી અને કાળો વગેરેનો ઉપયોગ થતો હતો. સફેદ રંગ માટે ખડીનાં સહારે દિપવલીનાં તહેવારોમાં લોકો પોતાનાં આંગણાની દિવાલો-ટોડલાને ભીંતચિત્રોથી સુશોભીત કરતા હતા. ૧૯૮૦ પછીનાં વર્ષો દરમિયાન ફોટોગ્રાફીમાં રંગ પ્રવેશ્યા અને છાપકામમાં પણ પ્રાવીણ્ય પ્રાપ્ત થયું ત્યારથી ભીંતચિત્રોની વાતમાં બદલાવ આવ્યો છતાય આજેય ભીંતચિત્રો માનવ હ્દયની ઉર્મી અને સ્પંદનોને ઝંકૃત કરે છે. ભીંતચિત્રો દ્વારા રજુ થયેલ દૃશ્યચિત્રો સ્વાભાવિક રીતે જ ઘટના-વિષય વસ્તુનું તાર્દશ હાર્દ રજુ કરી જતા હોય છે. ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓ દ્વારા વિકાસ સપ્તાહ દરમ્યાન વિકાસની પરિકલ્પના રૂપ જે ભીંતચિત્રો પીછી-કલરનાં સહારે રજુ કર્યા છે તે બિરદાવા લાયક છે. વિકાસ સપ્તાહ નિમિત્તે સેન્ટર ઓફ એક્સીલેન્સ ફોર વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન સ્ટીડીઝનાં નિયામકશ્રી ડો. નિશીથ ધારૈયાનાં માર્ગદર્શનમાં જેસીકા કાતરા અને યોશા ઠાકર અને વિદ્યાર્થીઓએ ભીંતચિત્રો દોર્યા હતા.વિકાસ સપ્તાહ સમિતીનાં અધ્યક્ષ પ્રો(ડો.) ભાવસિંહ ડોડીયાએ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

# ભારત રત્ન રતન ટાટાને હાર્દિક શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરતા ગિરનાર અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગીરીબાપુ





જૂનાગઢ, તા.૧૧

ભારત ભુમીનું શિરમોર 'રતન' ઉદ્યોગપતિ શ્રી રતન નવલ ટાટાનું સ્વર્ગરોહણ સમગ્ર દેશને એક મોટી ક્ષતિ છે. પોતાની દીઘર્દ્રષ્ટિથી ઉદ્યોગના વ્યાપને વિશ્વના ૧૦૦થી વધુ દેશમાં વિસ્તાર કરવાની સાથે અબજો રૂપિયા જનકલ્યાણ માટે વાપરનારા શ્રી રતન ટાટાએ એક દેહ સ્વરૂપે આપણી વચ્ચેથી વિદાય લીધી છે તેની ખોટ ક્યારેય નહીં પુરાય પરંતુ એક મહાન વિચારક તરીકે આપણે સૌ તેમના જીવદયા પ્રત્યેના લગાવને વળગી રહીને વિશ્વ કલ્યાણની ભાવના તરફ સતત આગળ વધીએ એ જ તેમને આપણી સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે તેમ ગિરનાર ઉપર બિરાજતા જગતજનની માઁ અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગીરીબાપુએ પાઠવેલી એક શ્રધ્ધાંજલીમાં જણાવ્યું છે અને રતન ટાટાના દિવ્ય આત્માને જગત જનની માં અંબે શાંતિ અર્પે તેવી માતાજીને પ્રાર્થના કરાય છે.

# 'આંતર રાષ્ટીય બાલિકા દિવસ' અંતર્ગત જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો (POCSO) અધિનિયમ-૨૦૧૨ અંગે જાગૃતિ પ્રોગ્રામ શ્રી કે.વી.એમ.વિદ્યાલય કેશોદ ખાતે યોજાયો




જૂનાગઢ, તા.૧૧

જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ- ૨૦૧૨ જે અંતર્ગત બાળક વિરુદ્ધના જાતીય ગુનાઓ જેવા કે જાતિય હુમલાઓ તે માટેની શિક્ષા ગુનામાં મદદગાર માટેની શિક્ષાનો સમાવેશ થાય છે. આવા ગુનાઓનું પ્રમાણ બાળકીઓ સાથે વધારે પ્રમાણમાં બનતું હોવાથી તે અંગેના જાગૃતિ પ્રોગ્રામ શ્રી કે.વી.એમ.વિદ્યાલય કેશોદ ખાતે યોજાયો. બાળકોને જાતીય ગુનાઓના પ્રકારો અને તે અંગેની સમજૂતી સાથે ની શોર્ટ ફિલ્મ સાથે આ કાયદા અંગે વિગતે ચર્ચા કરી હતી. બાળકોના બીજા અન્ય કાયદાઓ , હેલ્પલાઈન નંબરો , ચિલ્ડ્રન હોમ તથા તેની વ્યવસ્થાઓ વિશે પણ વિગતે માહિતી આપી અને આ કાયદા ની વિસ્તૃત સમજ સમાજ સુરક્ષા વિભાગમાંથી આવેલ કાઉન્સેલર હંસાબેન દ્વારા આપવામાં આવી. DHEW ટીમના કૃપાબેન, મીનાક્ષીબેન, 'જીઝ ટીમના અંકિતાબેન, PBSC કાઉન્સેલર જલ્પાબેન દ્વારા મહિલાલક્ષી યોજનાઓ, શાળાએ આવતી જતી વખતે રાખવાની સાવચેતીઓ, નવરાત્રી દરમ્યાન રાખવી પડતી સાવચેતીઓ, વિશે માહિતી આપી. શાળાના આચાર્ય વર્ષાબેન ભાખર અને શિક્ષક ગણના સહયોગથી કાર્યક્રમને પૂર્ણાહુતિ કરેલ.

# જૂનાગઢની શેરી ગરબીઓમાં શ્રીજીનગરની નવદુર્ગા ગરબી પ્રાચિન પરંપરાની રખેવાળ

## ખેડુતપુત્ર કિશનભાઈ સોજીત્રા દ્વારા ગરબીની તમામ બાળાઓને રસોઈઘરની કીટ ભેટ સ્વરૂપ અર્પણ



જૂનાગઢ, તા.૧૧

આપણી ઉત્સવ પરંપરામાં વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.ગુજરાતમાં નવરાત્રી નો તહેવાર નવ દિવસ સુધી ઉત્સા હ અને ઉમંગની સાથે ઉજવવામાં આવે છે.જૂનાગઢ શહેરનાં જોષીપરા ક્ષેત્રની શ્રીજીનગર સોસાયટીની ગરબી પ્રાચિન પરંપરાની રખેવાળ એવી શેરી ગરબી છે. આ ગરબીનું સંચાલન વલ્લભભાઈ બાંભરોલીયા, જયેશબાપુ, વજુભાઈ દુધાત્રા, અને કિશનભાઈ સોજીત્રા દ્વારા કરવામાં આવે છે. અહીં નાનીનાની બાળાઓ માતાજીનો ગરબો માથે મુકીને માં અંબાની આરાધના કરે છે. અને ગરબે રમે છે. બાળાઓને પ્રોત્સાહિત કરવા દરેક નોરતાનાં દિવસે તેમને લ્હાણી પીરસામાં આવે છે. અને ગરબી સ્માપ્ત થાય એટલે દિકરીને ઉપયોગી એવી કોઈ ભેટ આપવામાં આવે છે. આ વર્ષે ગરબીની તમામ બાળાઓને ગરબી સંપન્ન થયે ભોજન અને રસોઈધરમાં ઉપયોગી થાય તેવા વાસણની કીટ એક જ દાતા એવા ખેડુતપૂત્ર અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલ કિશનભાઈ સોજીત્રા તરફથી આપવામાં આવશે. કિશનભાઈ બાળાઓને મોટી રકમથી ભેટ આપવાની મળેલ જીવનની પળને વધાવતા કહે છે કે નાની બાળાઓ સાક્ષાત જગદમ્બાનો અવતાર હોય એવુ ગરબે ઘુમતી હોય ત્યારે ભાસે છે. અને માં ભવાનીની સ્તુતી કરવા આથી ક્યો મોટો અવસીર હોઈ શકે,? ઈશ્વરે માતાની સ્તુતી કરવા મારા હાથે બાળાઓને ફુલની પાંખડીરૂપ જે બક્ષીસ આપવા નિર્મિત કર્યો એ મારા જીવતરની ધન્યતા છે. વલ્લભભાઈ બાંભરોલીયાએ ગરબી અંગે વાત કરતા જણાવ્યુ હતુ કે ગરબી તો નૃત્ય અને ભક્તિનો અનોખો સુમેળભર્યો તહેવાર છે જે અમારી નવદૂર્ગા ગરબી મંડળ દ્વારા નાની બાળાઓ સંગ ઉજવવામાં આવે છે.

નવરાત્રીમાં અંબા માતાજીની આરાધના કરવામાં આવે છે. દેવી એ શક્તિનું રૂપ છે. જે બુરાઈનો નાશ કરે છે. નવરાત્રીના નવ દિવસ દેવોને પ્રસન્ને કરવા માટે પૂજા પાઠ અને ચંડીપાઠ કરવામાં આવે છે.નવરાત્રી એ એકતા અને અસત્યા પર સત્ય નો વિજયનો પ્રતિક રૂપ તહેવાર છે. નવરાત્રી ઉત્સએવ માનવીને પોતાની ભૂલો સમજીને તેને સુધારવાની તક આપે છે.

# જૂનાગઢ જીલ્લાના યુવાઓને કચ્છ, બનાસકાંઠા અને ગાંધીનગર ખાતે સંરક્ષણ નિવાસી તાલીમ મેળવવાની તક

## ૩૦ દિવસીય નિવાસી તાલીમમાં ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ સુધીના યુવાઓ ભાગ લઈ શકશેઃ રહેવા- જમવાની સુવિધા સાથે શારીરિક અને લેખિત કસોટી માટે નિઃશુલ્ક તાલીમ અપાશે

જૂનાગઢ તા.૧૦

ગુજરાત રાજ્યના યુવાનો સરંક્ષણ દળમાં ભરતી થાય તે માટે BSF હેડ્કવાર્ટર ગાંધીનગર ખાતેથી રાજ્યના કચ્છ, બનાસકાંઠા તથા ગાંધીનગર ખાતે નિવાસી તાલીમ વર્ગો-૨૦૨૪-૨૫ માટે રાજ્યના ઉમેદવારો માટે ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગનુ આયોજન થનાર હોય અને તેમાં જોડવા ઈચ્છુક ઉમેદવારોને રહેવા-જમવાનું તથા શારીરિક કસોટી અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. આ તાલીમ વર્ગમાં ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ (ધોરણ-૧૦માં ઓછામાં ઓછા ૫૦% ફરજીયાત અને દરેક વિષયમાં ઓછામાં ઓછા ૩૩% માર્ક્સ હોવા ફરજીયાત) હોય તેવા જ ઉમેદવારો આ તાલીમ માટે અરજી કરી શકશે. તેમજ તાલીમાર્થી તરીકે જોડાનાર ઉમેદવારોની ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ સુધી, લંબાઈ :૧૬૮ સે.મી, છાતીઃ૭૭-૮૨ સે.મી હોય તેવા શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ ઉમેદવારોએ આ તાલીમવર્ગ માટે અરજી કરવાની રહેશે.

આ તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ આ અંગેનુ અરજી ફોર્મ જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ ખાતેથી વિનામુલ્યે અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના વ્હોટ્સઅપ નંબર ૦૨૮૫ ૨૬૨૦૧૩૯ પરથી મેળવી પોતાની અરજી તથા જરૂરી સાધનિક કાગળો સાથે જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ ખાતે મોકલવાની રહેશે. અરજી પત્રક તથા ધોરણ ૧૦ ની માર્કશીટની નકલ તથા શાળા છોડ્યાનુ પ્રમાણપત્રની નકલ અને આધારકાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ નંગ-૨, બેંક પાસબુકની નકલ તેમજ એન.સી.સી.નું પ્રમાણપત્ર ધરાવતા હોય તો તેની નકલ તથા અન્ય સાધિનક કાગળો અરજી ફોર્મ સાથે જોડવાના રહેશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ રહેશે સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટે.નં.૦૨૮૫-૨૬૨૦૧૩૯ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ખંભાળિયામાં જીલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧

ગર્ભસ્થ શિશુના જાતિ પરિક્ષણ અટકાવવા અને સમાજમાં પુરુષ અને સ્ત્રીનું પ્રમાણ સમતોલ જળવાઈ રહે તે હેતુથી સરકાર દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ ઘડવામાં આવ્યો છે. આ એક્ટનું જિલ્લામાં ક્ષતિરહિત અમલીકરણ થાય તે હેતુથી જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠકનું ખંભાળિયા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં હોસ્પિટલોના રજીસ્ટ્રેશન, તબીબોને સોનોગ્રાફી મશીનના ઉપયોગ કરવા માટે મળેલ અરજીઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા સોનોગ્રાફી સેન્ટરોની સ્થળ તપાસણી અંગે રજુ કરેલ અહેવાલો વંચાણે લઈ, સોનોગ્રાફી સેન્ટર ખાતે એક્ટના અમલીકરણ તેમજ જિલ્લાના જાતિ પ્રમાણદર બાબતે સમિક્ષા કરવામાં આવી હતી. આયોજીત બેઠકમાં જિલ્લા એડવાઈઝરી સમિતિના સભ્યો તેમજ અહીંની જનરલ હોસ્પિટલના તબીબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એક્ટ અંતર્ગત નોંધાયેલ સરકારી કે બિનસરકારી ડોકટરોને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળ થયેલ જોગવાઈઓ તથા નિયમોના ચુસ્તપણે અમલીકરણ કરવા જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.એન. ભંડેરી દ્વારા સૂચન કરવામાં આવ્યા હતા.

# પ્રકૃતિક ખેતિ થકી ભેંસાણનાં ખાખરા હડમિયાનાં ખેડુત નિકુંજ આસોદરીયાની ખેતિ બની નવપલ્લવીત

## પ્રાકૃતિક કૃષિ ખેડુતો માટે ઓછા ખર્ચે વધુ વળતર આપતી ચાવી છે : નિકુંજભાઈ આોસરીયા

જૂનાગઢ તા.૧૧

પ્રાકૃતિક ખેતીના આ સામૂહિક પ્રયાસમાં જૂનાગઢ જિલ્લાના ખેડૂતો પણ જોડાયા છે. જેમા ભેસાણ તાલુકાના નાનકડા નવા ખાખરા હડમતિયા ગામનાં રહેવાસી ખેડૂત નિકુંજભાઈ આસોદરીયા પાસે ૨૦ વીઘા જમીન છે, અને તેઓ છેલ્લા ૬ વર્ષથી વધારે સુભાષ પાલેકર પદ્ધતિ આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. નિકુંજભાઈએ ૨૦ વીઘામાં ઋતુ અનુસાર વાવેતર કરતા રહે છે. ચોમાસામાં મુખ્યપાક મગફળીનું વાવેતર કરે પણ મુખ્ય પાકની સાથે મિશ્રપાકનુ પણ વાવેતર કરે છે. જેમા તેઓ જણાવે છે કે આ મિશ્રપાક મિત્રપાક તરીકે પણ કાર્ય કરે છે. જેમા હળદર, કોઠીંબા, તુવેર અને જૂદા-જૂદા શાકભાજી વગેરે રોકડીયા પાક બજારની જરૂરત સંતોષે અને પોતાની આવકમાં વૃધ્ધિ કરે તે રીતે વાવેતર કરે છે. ઉપરાંત ખેતરને ફરતે નિકુંજભાઈ જુદા જુદા ફૂલનાં છોડનું વાવેતર કરે છે. અને મસાલા શાકભાજીનાં વેલા આધારીત મિત્ર પાકોનું વાવેતર આવકમાં વૃધ્ધી કરે છે સાથે નિંદામણને નિવારી મુખ્યપાકને સારી જમીન પુરી પાડવા મદદરૂપ બને છે અને મિત્ર કીટકો અને કૃષિમાટે ઉપયોગી ફુગને સંવર્ધન કરે છે.

આ સાથે નિકુંજભાઈના નિંદામણ માટેના નવતર પ્રયાસના ભાગરૂપે ખેતરમાંથી નિંદામણ ને દૂર કરી આ નિંદામણ નો અર્થ બનાવવા માટે ઉપયોગ કરે છે જેમાં ખેતરમાંના નિંદામણ અને દેશી ગાય આધારિત ખાતરને મિક્સ કરી એક મહિના સુધી જમીનમાં રાખવામાં આવે છે અને તેમાંથી બનેલ અર્ક નો પાકમાં પ્રાકૃતિક ખાતર તરીકે છંટકાવ કરવામાં આવે છે. સાથે પાકની જરૂરિયાત મુજબ નિકુંજભાઈ જુદા જુદા ફળો તેમજ ફૂલોના અર્ક બનાવવાની કામગીરી કરે છે જેમાં ગુંદા, આમળા, લીંબોળી, લીંબુ, કેસુડાના ફૂલ, બીલા, ગલગોટાના ફૂલ વગેરેના અર્કનો જુદા જુદા પાક ની અવસ્થા મુજબ છંટકાવ કરવામાં આવે છે. આ અર્ક બનાવવા માટે જે તે ફળ કે ફૂલ ૧ કિલોગ્રામ સાથે ૩ કિલોગ્રામ ગોળ અને ૧૦ લીટર પાણી ૯૦ દિવસ એરટાઈટ પેક રાખે છે. આ ૯૦ દિવસ પછી બનાવેલ અર્ક ને છંટકાવ કરવામાં આવે છે. આ બનાવેલા દરેક અર્કની જુદી જુદી ખાસિયતો જોવા મળે છે જેમ કે લીંબોળીનો અર્ક બધી જાતની જીવાતોના નિવારણ માટે છંટકાવ કરવામાં આવે છે. તેવી જ રીતે પાકની વૃદ્ધિ અને વિકાસ માટે મીઠું અર્ક જે જમીનની મજબૂતી કરણ માટે બેક્ટેરિયાની વૃદ્ધિ કરે છે. આમ બનાવેલા જુદા-જુદા અર્કનો નિકુંજભાઈ પ્રાકૃતિક કૃષિ અન્વયે ખેત ઉત્પાદન માટે ઉપયોગ કરે છે.

પ્રાકૃતિક કૃષિની વાત કરતા નિકુંજભાઈ જણાવે છે કે પહેલા રાસાયણિક ખેતી કરતો હતો. જેમાં શરૂઆતના દિવસોમાં ઉત્પાદન મળતું હતું પણ સમય સાથે જમીનની પરિસ્થિતિ બગડતી જતી હતી અને ઉત્પાદનમાં પણ ઘટાડો થતો જોવા મળતો હતો. ત્યારે પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમ માં જોડાયો હતો સાથે આત્મા કૃષિ તાલીમ કેન્દ્રનો પણ સાથ મળતા મને ખૂબ જ સારી માહિતી મળી હતી જેના થકી ઉત્પાદન વધારી શકાય અને ખેતી ખર્ચ ઘટાડી શકાય. આ ખેતીથી મને અનેક ફાયદા પણ થયા છે. મારી જમીન હવે શુદ્ધ અને ફળદ્રુપતા ની દ્રષ્ટિએ મૂલ્યવાન બની છે અને સાથે જમીનમાં કાર્બન સ્તર પણ સુધર્યો છે. આજે હું મારા ખેતરમાં છેલ્લા છ વર્ષથી એકધારો પ્રાકૃતિક કૃષિ દ્વારા ખૂબ સારૂ વળતર મેળવું છું અને આજે આ પ્રાકૃતિક ઉત્પાદન થકી જુદા જુદા રાજ્ય ક્ષેત્રે આ પ્રાકૃતિક પેદાશોને લોકો સુધી પહોંચાડી લોકોને રસાયણ મુક્ત ખોરાક પહોંચાડવાનું કાર્ય કરું છું.





આલેખન : ચિરાગ પટેલ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભાજપ ભારે પડી

જમ્મુ-કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીઓનું અલગ-અલગ કારણોસર વિશેષ મહત્ત્વ હતું. જ્યાં જમ્મુ-કાશ્મીરને લઈને એ ઉત્સુકતા હતી કે આપણો આ ભૂભાગ લોકતંત્રની કસોટી પર ખરો ઉતરે છે કે નહીં, ત્યાં જ હરિયાણા આ કારણે બધાની નજરમાં હતું કે લોકસભા ચૂંટણીમાં ભાજપની લોકપ્રિયતાનો ગ્રાફ જે ઘટ્યો, તેમાં કોઈ બદલાવ આવે છે કે નહીં? જમ્મુ-કાશ્મીરની જનતાએ વિધાનસભા ચૂંટણીનાં પરિણામો પહેલાં જ એ જરૂરી સંદેશ આપી દીધો હતો કે અહીં લોકતંત્રએ ફરીથી પોતાનાં મૂળ ખોસ્યાં છે. દેશની સાથે દુનિયાને એ સંદેશ મળી જવાને કારણે બસ એ જિજ્ઞાસા રહી હતી કે સત્તા કોને મળે છે? જોકે ભાજપ અહીં બધી સીટો પર ચૂંટણી નહોતી લડી અને જમ્મુ સંભાગની તુલનામાં કાશ્મીર ઘાટીમાં સ્વાભાવિક રીતે તેનો પ્રભાવ નગણ્ય જ હતો, તેથી તેના અણસાર ઓછા જ હતા કે તે સત્તાની પ્રબળ દાવેદાર બની જશે. ત્યારબાદ પણ એ ઉલ્લેખનીય છે કે જમ્મુ સંભાગમાં વિરોધીઓ પર ભારે પડવાની સાથે જ તેણે કાશ્મીર ઘાટીમાં પોતાના જનાધારની જમીન તૈયાર કરી. જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સનું કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવવાનું નક્કી છે, પરંતુ તેણે વિભાજનકારી એજન્ડાને છોડીને એવો માહોલ બનાવવો પડશે કે શાંતિ અને સ્થિરતા વધે, જમ્મુને બરાબરનું મહત્ત્વ મળે અને કાશ્મીરી હિંદુઓની ઘરવાપસી થઈ શકે. આ બધું કર્યા વિના પૂર્ણ રાજ્યના દરજ્જાની આશા રાખવી નકામી રહેશે.

એમાં શંકા નહીં કે હરિયાણાનાં અણધાર્યા પરિણામોથી કોંગ્રેસ બઘવાઈ ગઈ. કારણ કે ચૂંટણી પહેલાં એવો માહોલ બનાવી દેવામાં આવ્યો હતો કે કોંગ્રેસની આસાનીથી વાપસી થઈ જવાની છે. પરંતુ એવું ન થઈ શક્યું અને ભાજપે પાછલી વખત કરતાં પણ વધારે સીટો જીતીને કોંગ્રેસના જડબામાંથી જીત ખેંચી લઈને રેકોર્ડ ત્રીજી વાર સત્તા હાંસલ કરી લીધી. તેનું કારણ એ જ નથી કે તેણે ત્યાં પોતાની રણનીતિ બદલી, પરંતુ એ પણ છે કે કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત તમામ નેતાઓમાં વિના કારણે હવા ભરાઈ ગઈ હતી અને તે અતિઆત્મવિશ્વાસનો શિકાર બની. લાગે છે કે કોંગ્રેસે એમ માની લીધું હતું કે તે લોકસભા ચૂંટણીની જેમ દુષ્પ્રચારના સહારે જ પોતાની નૈયા પાર કરી લેશે. તેણે સમજવું જોઈતું હતું કે દર વખતે એકનું એક જૂઠ્ઠાણું નથી ચાલતું. કોંગ્રેસે એક ભૂલ એ પણ કરી કે તેણે ભૂપેન્દ્ર હુડ્ડાને વધુ પડતા જ અધિકારો આપી દીધા. આશ્ચર્ય નહીં કે તેને કારણે જ જાટ વિરુદ્ધ બિનજાટનો મુદ્દો ઉભરી આવ્યો અને તે કોંગ્રેસ પર ભારે પડી ગયો. હવે ચૂંટણી પરિણામો પર ડઘાઈ ગયેલી કોંગ્રેસ ચૂંટણી પંચને કઠેરામાં ઊભું કરવાની કોશિશ કરીને એ જ સાબિત કરી રહી છે કે તે પોતાની ભૂલોનો દોષ બીજા પર નાખવામાં માહેર થઈ ગઈ છે. હરિયાણાનાં ચૂંટણી પરિણામોથી ભાજપનું મનોબળ વધવું સ્વાભાવિક છે, કારણ કે એક તો તે લોકસભા ચૂંટણીઓ બાદ બનેલા નકારાત્મક માહોલને દૂર કરવામાં સફળ રહી, બીજું, મહારાષ્ટ્ર, ઝારખંડ સહિત અન્ય રાજ્યોની આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે તેને વધારાની ઊર્જા મળી ગઈ.

### RTGS અને NEFT વેરિફિકેશન માટે નવી સવલત રજૂ કરાઈ

# રિઝર્વ બેન્કે યુપીઆઈ લાઈટ વોલેટની મર્યાદા વધારીને રૂપિયા ૫૦૦૦ કરી




## હાલમાં યુપીઆઈ લાઈટ વોલેટ હેઠળ ટ્રાન્ઝેક્શન દીઠ રૂપિયા ૫૦૦ની મર્યાદા છે અને કુલ મર્યાદા વોલેટ દીઠ રૂા.૨૦૦૦ની છે

નવી દિલ્હી, તા.૧૧

રિઝર્વ બેન્કે જાહેરાત કરી હતી કે તેણે મોબાઈલ ફોનથી ટ્રાન્ઝેક્શન માટે લોકપ્રિય બનેલી યુપીઆઈ લાઈટ વોલેટની મર્યાદા વધારીને રૂ.5000 કરી દીધી છે અને પ્રી-ટ્રાન્ઝેક્શન લિમિટ વધારીને રૂ.1000 કરી દીધી છે. હાલમાં યુપીઆઈ લાઈટ વોલેટ હેઠળ ટ્રાન્ઝેક્શન દીઠ રૂ.500ની મર્યાદા છે અને કુલ મર્યાદા વોલેટ દીઠ રૂ.2000ની છે. તેમાં ઓટો-રેપ્લિનિશમેન્ટની ફેસિલિટી છે. હવે UPI123Pay હેઠળ ટ્રાન્ઝેક્શન દીઠ મર્યાદા રૂ.5000થી વધારીને રૂ.10,000 કરી દેવાશે. UPI123Pay માર્ચ 2022માં લોન્ચ કરવામાં આવ્યું હતું. ફીચરફોન યુઝર્સ યુપીઆઈનો ઉપયોગ કરી શકે છે. આ ફેસિલિટી 12 ભાષામાં ઉપલબ્ધ છે.અન્ય એક પહેલ હેઠળ આરબીઆઈએ રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ (RTGS) અને નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ્સ ટ્રાન્સફર (NEFT) સિસ્ટમ્સ માટે બેનિફિશિયરી એકાઉન્ટ નેઈમ લૂક-અપ ફેસિલિટીની જાહેરાત કરી છે. યુપીઆઈ અને આઈએમપીએસ જેવી પેમેન્ટ સિસ્ટમ્સમાં પેમેન્ટ કરતાં પહેલાં બેનિફિશિયરી એટલે કે રકમ મેળવનારનું નામ વેરિફાઈ કરવાની સવલત છે. આ જ પ્રકારે RTGS અને NEFT સિસ્ટમ્સ માટે પણ આવી સવલતની માગણી થઈ રહી હતી. આ માટે બેનિફિશિયરી એકાઉન્ટ નેઈમ લૂક-અપ ફેસિલિટી શરૂ કરવામાં આવશે. રકમ મોકલનાર બેનિફિશિયરીના ખાતા નંબર અને બ્રાન્ચ આઈએફએસસી કોડ આપે એટલે બેનિફિશિયરીનું નામ ડિસ્પ્લે થશે. તેનાથી ગ્રાહકનો વિશ્વાસ વધશે કારણ કે તેનાથી બીજી કોઈ વ્યક્તિ કે ખોટા ખાતામાં રકમ જવાની કે ભૂલની સંભાવના ઘટી જાય છે. રિઝર્વ બેન્કે બેન્ચમાર્ક વ્યાજદર યથાવત્ રાખ્યા હોવાથી વિવિધ લોનના વ્યાજદરમાં સીધો ફેરફાર થશે નહીં. રિઝર્વ બેન્કના ગર્વનરે મહત્ત્વનું પગલું ભરતા હોકિશ એટલે કે આક્રમક પોલિસી સ્ટેન્સ બદલીને 'ન્યૂટ્રલ' કરી દીધું છે જેને પગલે નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડાનો માર્ગ મોકળો થયો છે. આરબીઆઈએ ફુગાવાનો લક્ષ્યાંક ચાલુ વર્ષ માટે 4.5% યથાવત્ રાખ્યો છે અને જીડીપી ગ્રોથનો અંદાજ 7.2% જાળવી રાખ્યો છે. જોકે ફુગાવા પર બાજનજર રાખવી પડશે તેમ શક્તિકાંત દાસે કહ્યું હતું. સતત 10મી પોલિસી મીટિંગમાં રેપો રેટ 6.5% યથાવત્ રાખવામાં આવ્યા છે. તેને કારણે હોમ, ઓટો, કોર્પોરેટ અને અન્ય લોનના ઈએમઆઈમાં કોઈ ફેરફાર થશે નહીં.

વ્યાજદર ફેબ્રુઆરી 2023માં 6.25 ટકાથી 6.50% કરાયા હતા. અન્ય એક પગલાંમાં નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (NBFCs) ને ચેતવણી આપી છે કે તેઓ વધુ પડતા ગ્રોથની અપેક્ષા પૂરી કરવા ખોટી પ્રેક્ટિસ બંધ કરે. 'કોઈપણ ભોગે ગ્રોથ'નો અભિગમ આ કંપનીઓ માટે જ સમસ્યા બનશે.

### કચ્છના માતાના મઢનો પત્રીવિધિ પૂજા વિવાદ

# રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજા જ પત્રીવિધિ કરશે : હાઈકોર્ટ

## કચ્છમાં આવેલા માતાના મઢમાં નવરાત્રિમાં આઠમના દિવસે થતી પત્રીવિધિનું ઘણું મહત્વ રહેલું હોય છે

કચ્છ, તા.૧૧

કચ્છના રાજવી પરિવાર વચ્ચે છેલ્લા ઘણાં સમયથી ચાલતા પત્રીવિધિ વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે આદેશમાં સ્પષ્ટ કહી દીધું છે કે રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજા જ પત્રીવિધિ કરશે. આ ચુકાદો પ્રાગમલજી ત્રીજાના પત્ની મહારાણી પ્રીતિદેવીની તરફેણમાં આવ્યો હતો. નોંધનીય છે કે, કચ્છમાં આવેલા માતાના મઢમાં નવરાત્રિમાં આઠમના દિવસે થતી પત્રીવિધિનું ઘણું મહત્વ છે અને તે વિધિ કોણ કરે તેને લઈને ઘણા સમયથી વિવાદ ચાલતો હતો.

કચ્છના રાજવી પરિવારનાં સ્વર્ગસ્થ જયેષ્ઠ યુવરાજ પ્રાગમલજી ત્રીજાએ પત્રીવિધિને લઈને લખપત-દયાપરની કોર્ટમાં વર્ષ ૨૦૧૦માં અપીલ કરીને માગ કરી હતી કે, 'માતાના મઢ ખાતે આવેલા કચ્છનાં દેશદેવી એવા કુળદેવી મા આસાપુરાના મંદિરમાં તેઓ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિને ચામર-પત્રીવિધિ કરવા દેવામાં આવે.' આ મામલામાં દયાપરની કોર્ટે ચુકાદો આપ્યો કે, વિધિ માટે પ્રાગમલજી કોઈને અધિકાર કે નિયુક્ત કરી શકશે નહીં, જો કે, પ્રાગમલજી પોતે વિધિ કરી શકે છે. આ પછી ભુજની ડિસ્ટ્રીકટ કોર્ટમાં પ્રાગમલજી દ્વારા માતાના મઢ મંદિરના પૂજારી યોગેન્દ્રસિંહજી ગુરુ કરમશી રાજાબાવા સહિત દેવેન્દ્રસિંહજી જાડેજા અને હનુવંતસિંહ જાડેજા વિરુદ્ધ અપીલ કરવામાં આવી હતી.

જો કે, તેવામાં પ્રાગમલજી ત્રીજાનું નિધન થતા તેમના પત્ની મહારાણી પ્રીતિદેવીએ ભુજ કોર્ટમાં કેસ સંબંધિત અપીલ કરી. સ્વ. પ્રાગમલજી ત્રીજાએ તેમની હયાતીમાં ઈન્દ્રજીતસિંહ જાડેજા, મયુરધ્વજસિંહ જાડેજા અને દેવપરના કૃતાર્થસિંહ જાડેજાની કુંવર તરીકેની જાહેરાત કરી હતી. તે પણ આ મામલે પક્ષકાર તરીકે જોડાયા હતા. પરંતુ કોર્ટ દ્વારા ત્રણેયની અપીલ કાઢી નાખી હતી. અને આજીવન ચામર પત્રીવિધિ માટે પ્રીતિદેવીને હક હોવાનો ચુદાકો આપ્યો. કચ્છ-ભુજ આશાપુરા માતાજીના મંદિર ખાતે નવરાત્રિના પાવન પર્વના નવ દિવસ હોમ હવન કરવા ઉપરાંત, આઠમના રોજ પત્રીવિધિ કરવામાં આવે છે. આ દિવસે માતાજીની પૂજા અર્ચના કરવા માટે રાજપરિવારના મહારાવ સૂર્યોદય પહેલાં ચાચરકુંડમાં સ્નાન કરે છે. આ પછી આશાપુરા માતાના મંદિરમાં માતાજીના જમણા ખભા ઉપર ભુવો પત્રી છોડના પાંદડાનો એક ઝુમખો બનાવીને રાખે છે. આ દરમિયાન ડાક-ઝાંઝ વગાડવાની સાથે મહારાજા પછેડીનો પાથરી પત્રી મેળવવા માતાજીને રિઝવે છે. તેવામાં મહારાજાના ખોળામાં જ્યાં સુધી પત્રી પડતી નથી, ત્યાં સુધી મહારાજા ખડેપગે રહીને માતાજીની પ્રાર્થના કરે છે. આ પ્રકારની વિધિની પત્રીવિધિ કહેવામાં આવે છે.

### કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલવામાં આવશે

# રતન ટાટાને ભારતરત્ન આપવા મહારાષ્ટ્ર સરકારની માંગણી

મુંબઈ,તા.૧૧

પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના માનદ અધ્યક્ષ રતન ટાટાને 'ભારત રત્ન' આપવાની માંગ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર કેબિનેટમાં આ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ઉદ્યોગપતિ રતન ટાટાના નામનો ભારત રત્ન એવોર્ડ માટે પ્રસ્તાવિત કરીને કેન્દ્ર સરકારને મોકલવામાં આવે. મહારાષ્ટ્ર કેબિનેટના આ પ્રસ્તાવ પર હવે અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર લેશે.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં રતન ટાટાના નિધન પર શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પછી ભારત રત્ન એવોર્ડ માટે તેમનું નામ પ્રસ્તાવિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સરકાર હવે આ પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલશે.

ઉલ્લેખનીય છે કે રતન ટાટાનું બુધવારે મોડી રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ૮૬ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. તેમની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે વરલીના સ્મશાનભૂમિ ખાતે કરવામાં આવશે.

અંતિમ દર્શન માટે આજે સવારે ૧૦ વાગ્યે નરીમાન પોઈન્ટ ખાતેના NCPA લૉનમાં લાવવામાં આવ્યા હતા. તેમના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં લોકો અહીં પહોંચ્યા હતા. દેશની જાણીતી રાજકીય હસ્તીઓ, ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો, ફિલ્મી હસ્તીઓ, રમતગમત સાથે સંકળાયેલા લોકો તેમજ સમાજના વિવિધ ક્ષેત્રના લોકો અંતિમ દર્શન કરવા ઉમટ્યા હતા.

### અમે અતિ-આત્મવિશ્વાસુ કોંગ્રેસ અને અહંકારી ભાજપ સામે લડવા સક્ષમ

# દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડીશું: આપ

## હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાનું વલણ અપનાવ્યું હતું

જોધપુર, તા.૧૧

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાનું વલણ અપનાવ્યું હતું. પરંતુ કોંગ્રેસે અતિ-આત્મવિશ્વાસમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો, જેના કારણે હરિયાણામાં કોંગ્રેસનો પરાજય થયો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. આ દરમિયાન ઈન્ડિયા ગઠબંધનના સહયોગી આમ આદમી પાર્ટી(આપ)એ દિલ્હી વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય કર્યો છે. આપ પ્રવક્તા પ્રિયંકા કક્કડે બુધવારે કહ્યું કે, 'અમે અતિ-આત્મવિશ્વાસુ કોંગ્રેસ અને અહંકારી ભાજપ સામે લડવા માટે સમક્ષ છીએ.'આપ પ્રવક્તાએ કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષોથી દિલ્હી વિધાનસભામાં કોંગ્રેસ પાસે એક પણ બેઠક નથી. છતાંય આમ આદમી પાર્ટી(આપ)એ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને ત્રણ સીટ આપી હતી. તેમ છતાં કોંગ્રેસે હરિયાણામાં સહયોગીઓને સાથે નહીં લેવાનું જરુરી સમજ્યું હતું. આપ પ્રવક્તાએ આરોપ લગાવ્યો કે, 'હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસે ઈન્ડિયા ગઠબંધનની પાર્ટીઓને ગંભીરતાથી લીધી નહીં અને ગઠબંધન કર્યુ નહીં. છેવટે કોંગ્રેસે પોતાાન ઓવર કોન્ફિડેન્સના કારણે હારનો સામનો કરવો પડ્યો છે.'હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આપમાં ગઠબંધન થઈ શક્યું નહીં. આપે ૯ સીટ માંગી હતી, આ પ્રસ્તાવ કોંગ્રેસે ફગાવી દેતા આપ રાજયની ૯૦ સીટોમાંથી ૮૯ પર ચૂંટણી લડી હતી. જોકે, આપ ને એક પણ સીટ મળી ન હતી. જયારે કોંગ્રેસ બહુમતીના આંકડાથી આઠ સીટ દૂર રહી ગઈ હતી.

# બંધ થવા જઈ રહ્યા છે કેદારનાથ મંદિરના દરવાજા

નવી દિલ્હી, તા.૧૧

શ્રી કેદારનાથ મંદિરના દરવાજા ૩ નવેમ્બર, ભાઈબીજના દિવસે સવારે ૮.૩૦ વાગ્યે ભક્તો માટે બંધ કરવામાં આવશે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય પ્રસાદ થાપલિયાલે પોતે આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે દરવાજા બંધ થયા બાદ ભગવાન કેદારનાથની ચાલતી શોભાયાત્રા તેના શિયાળુ વિશ્રામ સ્થાન તરફ આગળ વધશે.કેદારનાથના દરવાજા બંધ થયા બાદ ભક્તો ભગવાન કેદારનાથની ચાલતી પાલખીને ખભા પર લઈને આગળ વધશે. એ જ દિવસે રામપુરમાં રાત્રિ આરામ થશે. ત્યારબાદ ૪ નવેમ્બરે ડોલી રામપુરથી ઉપડશે અને ફાટા અને નારાયણ કોટી થઈને ગુપ્તકાશી પહોંચશે. ત્યારપછી રાત્રી આરામ અહીં જ કરવામાં આવશે.૫મી નવેમ્બરે સવારે ભક્તો ચલ-વિગ્રહ ડોળી લઈને આગળ વધશે. આ પછી ચલ-વિગ્રહ ડોલી તેના શિયાળુ વિશ્રામ સ્થાન શ્રી ઓમકારેશ્વર મંદિર (ઉખીમઠ) પહોંચશે. જયાં પરંપરાગત પૂજા સાથે ભગવાન કેદારનાથની પાલખીને ગદ્દી સ્થળ પર બિરાજમાન કરવામાં આવશે.ખરેખર, કેદારનાથ મંદિર ઠંડીની મોસમમાં બરફથી ઢંકાઈ જાય છે અને તેથી ઉખીમઠમાં ભગવાન કેદારનાથની પૂજા કરવામાં આવે છે.

દર વર્ષે આ અવસરે ભગવાન કેદારનાથની ડોળી યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે અને ઉખીમઠ ખાતે વિશેષ પ્રાર્થનામાં ભાગ લે છે.વષી જૂની પરંપરા અનુસાર, દરવાજા બંધ થયા પછી, જયારે બાબા કેદારનાથ ઉખીમઠ સ્થિત ઓમકારેશ્વર મઠ મંદિર માટે રવાના થાય છે, ત્યારે બાબાનો રાત્રિ આરામ પણ નિશ્ચિત છે.

### હરિયાણામાં પરાજય બાદ કોંગ્રેસના નેતાનો કટાક્ષ

# મારે EVMની બેટરીવાળો મોબાઈલ ફોન જોઈએ છે : કોંગી નેતા ઉદિત રાજે

ચંદીગઢ, તા.૧૧

રિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદ હાર અને જીતના મુદ્દે ચર્ચા ચાલુ છે. આ દરમિયાન કોંગ્રેસને મળેલી હાર પર પાર્ટીના નેતા હવે ઈવીએમને લઈને સવાલ ઊભા કરી રહ્યાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ઉદિત રાજે ગુરુવારે ઈવીએમ પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસ નેતા ઉદિત રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'મારે ઈફસ્ની બેટરીવાળો મોબાઈલ ફોન જોઈએ છે. જે આખો દિવસ કામ કરતો રહે અને પછી બે દિવસ બાદ પણ ૯૯% બેટરી રહે. કિંમતની ચિંતા નથી. માહિતી આપનારને કમિશન આપવામાં આવશે.' આ પહેલા ઉદિત રાજે બુધવારે ભાજપ પર નિશાન સાધ્યુ હતું.

તેમણે આરોપ લગાવતાં કહ્યું કે વડાપ્રધાન મોદી કોંગ્રેસના તમામ કરેલા કાર્યને ખતમ કરવામાં લાગેલા છે. રાહુલ ગાંધીની લોકપ્રિયતા ઓછી થઈ નથી. વોટમાં ૧૦ ટકાનો વધારો થયો છે. ભાજપ અને કોંગ્રેસ બંનેને બેઠકોમાં લગભગ સમાન વોટ જ મળ્યા છે.'

કોંગ્રેસ પ્રવક્તાએ એ પણ આરોપ લગાવ્યો કે 'હરિયાણામાં ભાજપે દગો આપીને જીત મેળવી છે. રાહુલ ગાંધીની લોકપ્રિયતા વધી છે. આ કારણે વોટ ટકામાં વધારો થયો પરંતુ દુર્ભાગ્યપૂર્ણ એ છે કે જે રીતે ઈન્ડિયા બ્લોકના અમુક ઘટક દળ વાત કરી રહ્યાં છે, તેનાથી એવું લાગે છે કે આ પીએમ મોદી તરફથી બનાવવામાં આવી રહેલું મનોવૈજ્ઞાનિક દબાણ છે.'

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે. પ્રદેશમાં ભાજપે કુલ ૪૮ બેઠકો જીતી છે. કોંગ્રેસે ૩૭ બેઠકો પર જીત મેળવી છે. ઈન્ડિયન નેશનલ લોકદળને ૨ બેઠકો પર જીત મળી છે જયારે ત્રણ અપક્ષ ધારાસભ્ય પણ જીતીને આવ્યા છે. ચૂંટણી જીતનાર તમામ અપક્ષ ધારાસભ્યોએ ભાજપને સમર્થન આપ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એક ગુણ બધા જ દોષોને ઢાંકી દે છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૮ સરસ્વતિ બલિદાન, મહાલક્ષ્મી ઉપવાસ, દૂર્ગાષ્ટમી, મહાનવમી તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૭, ઉત્તરાષાઢા નક્ષત્ર, અતિગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૯


આજનો દિવસ બપોરે ૧૨:૦૬ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સવારે ૧૧:૪૦ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનો પંજાબ યુનિવર્સિટીને મનસ્વી રીતે માર્ક્સ ઘટાડીને નાપાસ કરવા બદલ કાયદાના વિદ્યાર્થીને રૂા.૧ લાખ ચૂકવવાનો આદેશ




(એજન્સી) તા.૧૧

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે BA LLB 6ઠ્ઠા સેમેસ્ટરના પેપરમાં કાયદાના વિદ્યાર્થીને 'ફેલ' જાહેર કરવા બદલ પંજાબ યુનિવર્સિટી ઉપર ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. વિદ્યાર્થીની કારકિર્દી ઉપર અસર કરી શકે તેવા મુદ્દાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, ન્યાયમૂર્તિ જસગુરપ્રીત સિંહ પુરીએ વાઈસ ચાન્સેલરને આ મુદ્દાની તપાસ કરવા અને બે મહિનાની અંદર સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો. કોર્ટે અવલોકન કર્યું કે,''પ્રતિવાદી-યુનિવર્સિટીની ખોટી કાર્યવાહીને કારણે અરજદારની કારકિર્દીને અસર થઈ હોવાથી, તે વળતરના સ્વરૂપમાં અનુકરણીય ખર્ચ માટે હકદાર છે જેનું મૂલ્યાંકન રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) તરીકે કરવામાં આવે છે જે પ્રતિવાદી-યુનિવર્સિટી દ્વારા અરજદારને આજથી બે મહિનાના સમયગાળામાં ચૂકવવામાં આવશે.''. તેમાં ઉમેર્યું હતું કે યુનિવર્સિટી રકમ ચૂકવશે અને પછી વાઈસ ચાન્સેલર તે અધિકારીઓ પાસેથી વસૂલ કરવા માટે સ્વતંત્ર હશે જેઓ વિભાગની તપાસમાં દોષી સાબિત થઈ શકે છે. વિદ્યાર્થીએ પેપર 'જમીન કાયદો અને ભાડાના કાયદા'ના ડિસેમ્બર ૨૦૨૩માં જાહેર થયેલા પરિણામને પડકાર્યું હતું જેના માટે મે ૨૦૨૩માં ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી. તે અગાઉ મે ૨૦૧૯ માં પરીક્ષા લેવામાં આવી ત્યારે પેપરમાં નાપાસ થયો હતો. જ્યારે વિદ્યાર્થીએ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક સત્રમાં પ્રવેશ લીધો હતો, ત્યારે ૬૦:૪૦ માર્ક્સનો માપદંડ-થિયરી પેપર માટે ૬૦ અને ઈન્ટરનલ એસેસમેન્ટ માટે ૪૦નો માપદંડ લાગુ હતો. જો કે, ડિસેમ્બર ૨૦૧૮થી૨૦૨૨માં નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો અને થિયરી પેપર અને આંતરિક મૂલ્યાંકનનો ગુણોત્તર ૬૦:૪૦ થી ૮૦:૨૦ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ ઈન્ટરનલ એસેસમેન્ટ અને થિયરી પેપરમાં સંયુક્ત રીતે ૪૫ ટકા માર્ક્સ મેળવવા જરૂરી હતા. જ્યારે વિદ્યાર્થીએ મે ૨૦૨૩માં પરીક્ષા આપી ત્યારે તેને મહત્તમ ૮૦ માર્કસ સાથે પેપર આપવામાં આવ્યું હતું. તેણે ૫૪ અંક મેળવ્યા હતા અને આ રીતે તે સફળ રહ્યો હતો. જો કે, યુનિવર્સિટીએ વિદ્યાર્થીના માર્કસ ૮૦ માંથી ૫૪ માંથી ૬૦ માંથી ૪૧ સુધી ઘટાડવાની પ્રક્રિયા અપનાવી હતી. આ રીતે તેને નાપાસ જાહેર કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમ્યાન કોર્ટે યુનિવર્સિટીના નિર્ણય ઉપર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે શું કોઈ સૂચના અથવા કાયદાની જોગવાઈ છે જેના હેઠળ સ્કેલિંગ થયું છે. કોર્ટે કહ્યું,''તેઓએ આ કોર્ટને એક જ જવાબ આપ્યો છે કે તે ભૂતકાળની પ્રથા છે અને તેના આધારે, તેઓ કારકુન અને અધિક્ષક સ્તરે તેમના પોતાના ગુણના મૂલ્યાંકન માટેના માપદંડ/સૂત્રને રૂપાંતરિત કરી રહ્યા છે. સૂચનાઓ અથવા યુનિવર્સિટીના કાયદાની કોઈપણ જોગવાઈ એ હકીકત હોવા છતાં કે અરજદારને એક પરીક્ષા પેપર આપવામાં આવ્યું હતું જેમાં ઉપરોક્ત પુર્નઃ ઉત્પાદિત મહત્તમ ગુણ ૮૦ હતા,'' યુનિવર્સિટીએ પણ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું હતું કે વિદ્યાર્થી શૈક્ષણિક સત્ર ૨૦૧૬ નો હતો પરંતુ મે ૨૦૨૩માં હાજર થયો હતો, તેથી તેને ૬૦:૪૦ને બદલે ૮૦:૨૦ના રેશિયોનું પેપર આપવામાં આવ્યું હતું અને આ રીતે તેના ગુણ પ્રમાણસર ઘટાડી દેવામાં આવ્યા હતા. જો કે, કોર્ટે તર્ક વિકૃત અને સંપૂર્ણપણે બિનટકાઉ હોવાનું જણાયું હતું. ''જ્યારે કોઈ વિદ્યાર્થીને તેના પરીક્ષાના પેપરમાં મહત્તમ ૮૦ માર્ક્સ આપવામાં આવ્યા હોય અને તે ૫૪ માર્કસ મેળવીને પરીક્ષા પાસ કરે છે, તો જો યુનિવર્સિટીને પ્રમાણસર ધોરણે માર્કસ ઘટાડવા અને ઘટાડવાની જરૂર હોય તો તે જ અપનાવીને કરવું પડશે. કોઈપણ કાયદા હેઠળ સૂચિત કોઈપણ ફોર્મ્યુલા. રેકોર્ડ ઉપર કંઈ નથી કે તે કોર્ટને બતાવવામાં આવ્યું નથી અને તેના બદલે કોર્ટમાં હાજર રહેલા અધિકારીઓ અને પ્રતિવાદી-યુનિવર્સિટીના વિદ્વાન વકીલ દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે ત્યાં કોઈ ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી નથી અને કોઈ કાયદો અથવા સ્ત્રોત નથી જે સત્તા દ્વારા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા આવી સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેણે ઉમેર્યું હતું કે નિર્ણય ધૂન અને ફેન્સી ઉપર આધારિત હતો જેની અસર વિદ્યાર્થીની કારકિર્દી ઉપર પડી હતી. તે માત્ર ગેરકાયદેસર અને વિકૃત ન હતું પરંતુ આ કોર્ટ દ્વારા તેનું અવમૂલ્યન પણ કરવામાં આવ્યું છે. સિંગલ જજે કહ્યું,'જો એવો કિસ્સો હોત કે માર્કસ ઘટાડવા અથવા ઘટાડવાના હેતુસર કાયદાની કોઈ જોગવાઈ હતી જે તે વિદ્યાર્થીઓને લાગુ પડે જેઓ યુનિવર્સિટીના જૂના નિયમો દ્વારા સંચાલિત થાય છે, તો પરિસ્થિતિ કંઈક અલગ હોત પરંતુ કોઈપણ સત્તા અથવા કાયદાની કોઈપણ સત્તાની ગેરહાજરીમાં કવાયત કોઈપણ માર્ગદર્શિકા અથવા કોઈપણ નિયમો અને નિયમો વિના કારકુની સ્ટાફ દ્વારા મનસ્વી રીતે હાથ ધરવામાં આવી છે. કોર્ટે ભૂતકાળની પ્રેક્ટિસની દલીલને પણ નકારી કાઢી હતી અને કહ્યું હતું કે કાયદાની કોઈપણ જોગવાઈ દ્વારા તેને સમર્થન નથી. ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું કે, 'જો પ્રતિવાદી-યુનિવર્સિટી દ્વારા ભૂલો અથવા ગેરકાયદેસર ક્રિયાઓ કરવામાં આવી હોય, તો તે વર્તમાન કેસમાં લાગુ કરી શકાતી નથી કારણ કે તે ભૂતકાળની પ્રથા છે. પ્રતિવાદી-યુનિવર્સિટી હંમેશા તેના અધિકારોની અંદર હોય છે કે જેમાં વર્તમાન કેસમાં ગેરહાજર હોય તેવી સમાનતા અથવા ગુણોના પ્રમાણસર વિતરણના હેતુ માટે સત્તાનો ઉપયોગ કરવા માટે કાયદાનું બળ ધરાવતી કોઈપણ જોગવાઈ સામેલ કરવામાં આવે. જો કે, તે ફક્ત દાખલાઓના આધારે કરી શકાતું નથી જે આખરે તેમના પોતાના વિદ્યાર્થીઓના અધિકારોને વંચિત કરે છે, ''. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને યુનીવર્સિટી સ્ટાફના તર્કો કે વિતર્કો ઉપર ન છોડી દેવા જોઈએ જે મનસ્વી રીતે પોતાનો કાયદો બનાવે છે. કોર્ટે ઉમેર્યું કે,'કાયદાનું શાસન દરેક સંજોગોમાં હોવું જોઈએ. ભારતીય કાનૂની પ્રણાલીમાં ઓસ્ટિન દ્વારા પ્રતિપાદિત કરાયેલ જૂના વિશ્લેષણાત્મક શાળામાં જણાવ્યું હતું કે કાયદો એ સાર્વભૌમનો આદેશ છે, તે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી ભારતીય કાનૂની પ્રણાલી ઉપર લાગુ થશે નહીં. ભારતીય કાનૂની વ્યવસ્થા કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે જેમાં ભારતનું બંધારણ સર્વોચ્ચ છે. ખાસ કરીને, જાણીતી પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે ઓળખાતી શૈક્ષણિક સંસ્થાના વહીવટી કર્મચારીઓના મનસ્વી તર્ક-વિતર્કો ઉપર વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર કરી શકાતો નથી. માર્કસ ઘટાડવાની અસરએ અરજદારની કારકિર્દીને ગંભીર રીતે જોખમમાં મૂક્યું છે અને આ અદાલત આવી પ્રથાને ક્યારેય મંજૂર કરશે નહીં જે કોઈપણ કાયદા દ્વારા સમર્થિત નથી, ''. કોર્ટે એમ પણ કહ્યું હતું કે યુનિવર્સિટી સારી રીતે જાણે છે કે વિદ્યાર્થીને ૬૦ માર્કસનું થિયરી પેપર આપવામાં આવવું જોઈએ પરંતુ તેના બદલે તેના પોતાના વર્કલોડને ટાળવા માટે તેને ૮૦ માર્કનું પેપર આપવામાં આવ્યું હતું. ''પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે અરજદારના માર્કસ ૫૪થી ઘટાડીને ૪૧ કરવામાં આવ્યા હતા જેના પરિણામે ૪૫% કરતા ઓછા માર્કસ આવ્યા હતા અને અરજદાર નાપાસ થયા હતા. પરીક્ષા શાખાના વહીવટી કર્મચારીઓ દ્વારા આ પ્રકારનું સ્કેલિંગ કાયદાની કોઈપણ જોગવાઈ અથવા સત્તા વિના હતું,'' કોર્ટે કહ્યું કે તેણે પરિણામને રદ કરી દીધું છે અને યુનિવર્સિટીને વિદ્યાર્થીને ડિગ્રી આપવાની પ્રક્રિયા કરવા કહ્યું હતું.

### ગુજરાતમાં એક સાથે આધારકાર્ડના ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા

# રાજ્યમાં આધારકાર્ડ કઢાવવા માટે લોકોને મુશ્કેલી : કામગીરીમાં મંદ ગતિ

### આધારકાર્ડમાં સુધારણા માટે આવતી અરજીઓ રદ થઈ રહી છે

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી આધારકાર્ડ કઢાવવા માટે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં એક સાથે આધારકાર્ડના ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે જેના કારણે આધાર કાર્ડની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે.

આધાર કાર્ડની જરૂર મોટાભાગની દરેક કાર્યવાહી અને પ્રક્રિયામાં સરકારે વધારી દીધી છે, પરંતુ તેની સામે સરકારમાં સેન્ટ્રલી કોઈ જાતનું નિયંત્રણ નહીં હોવાથી આધાર કાર્ડની કામગીરી પણ નિરાધાર બની છે. છેલ્લા કેટલાક સમયથી ટેક્નિકલ કારણોસર મોટાભાગના નવા એનરોલમેન્ટની અરજી રિજેક્ટ થઈ રહી છે અને તેના કારણે ગુજરાતમાં ગત ઓગસ્ટ મહિના દરમ્યાન ૫૬ જેટલા ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ આપવામાં આવી. નોંધનીય છે કે, ઓપરેટરો ૧૦,૦૦૦ના પગાર ઉપર કોન્ટ્રાક્ટ ઉપર કામ કરી રહ્યા છે, જેને કોઈ નોટિસ કે વોર્નિંગ આપવા બદલે સીધા જ સસ્પેન્ડ કરી દેવામાં આવતા રોષ જોવા મળી રહ્યો છે. તેઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આધાર કાર્ડના મુખ્ય સર્વરમાં ટેક્નિકલ પ્રોબ્લેમ હોવાથી એરર આવી રહી છે. જેનો ભોગ ઓપરેટરો બની ગયા છે અને સીધા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.




આધાર કાર્ડની અરજીમાં અરજદારોને મળતી એરરના પગલે UIDAI રિઝનલ ઓફિસ મુંબઈ દ્વારા આધાર કાર્ડ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૫૬ ઓપરેટરોને એક સાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જે ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા તેમાં સુરતમાંથી ૧૦, અમદાવાદમાંથી ૫, રાજકોટમાંથી ૪ અને વડોદરામાંથી ૩ ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે અમદાવાદના ૫૪, રાજકોટના ૨૫, સુરતના ૨૯ સહિત કુલ ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ ઓર્ડર આપવામાં આવ્યો છે એટલે કે તેમને નવી કીટ રિસેટ સાથે આપવામાં આવી છે.

આધાર કાર્ડને લગતી કોઈપણ સમસ્યા કે માહિતી માટે ૧૯૪૭ હેલ્પલાઈન નંબર આપવામાં આવ્યો છે. જો કે, અરજદારો દ્વારા કોઈપણ બાબતે હેલ્પલાઈનનો સંપર્ક સાધવામાં આવે તો તેમાં પણ કેટલાક અરજદારોની સમસ્યાનો કોઈ ઉકેલ આવતો ન હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ક્વોલિટી ચેક, ડુપ્લિકેટ અને ડીલે ઈન પ્રોસેસિંગના કારણસર રિક્વેસ્ટ રિજેક્ટ થતી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જો કોઈ બાળકનું પ્રથમવાર આધાર કાર્ડ કાઢવાની અરજી મળે તો તેમાં પણ ડુપ્લિકેટનું કારણ દર્શાવી અરજી રદ કરવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે.જે પ્રથમ દૃષ્ટિએ સર્વરની જ ખામી હોય શકે. ઉલ્લેખનીય છે કે, આધાર કાર્ડમાં અપડેશન કરાવવા અરજદારે ચાર્જ ચૂકવવાનો હોય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં અપડેશનનો ચાર્જ ચૂકવ્યા બાદ અપડેશન થતું નથી. જેથી અરજદાર જેટલી વાર અપડેશન માટેની અરજી કરે તેટલી વાર ચાર્જ ચૂકવવા મજબૂર બને છે, ત્યારે આ સમસ્યાઓનો ઉકેલ વહેલી તકે આવે તેવી લોકોમાં માંગ ઊઠી છે. રાજ્યના દરેક અરજદાર આધારકાર્ડ અપડેશન માટે ધક્કાઓ ખાઈ રહ્યા છે.

# ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂંક બાબતે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું જાહેરનામું

અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે સુપ્રીમ કોર્ટની કોલેજિયમે ભલામણ કરી હતી તેમના નામ બાબતે કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ત્રણેય ન્યાયમૂર્તિઓમાં સંજીવ જયેન્દ્ર ઠાકર, દિપ્તેન્દ્ર નારાયણ રે (ડી.એન. રે) અને મૌલિક જીતેન્દ્ર શેલતનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બી.આર. ગવઈની કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટના બે અને સુપ્રીમ કોર્ટના એક એડવોકેટ મળી કુલ ત્રણની ગુજરાત હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા ભલામણ કરી હતી. સુપ્રીમ કોર્ટના કોલેજિયમના નિર્ણયમાં જણાવવામાં આવ્યું હતું કે, સંજીવ જયેન્દ્ર ઠાકરને હાઈકોર્ટ જજ તરીકે નિયુક્ત કરવાના મુદ્દે ચારમાંથી ત્રણ જજીસને હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો, જ્યારે એક જજ દ્વારા અભિપ્રાય આપ્યો ન હતો. ન્યાય મંત્રાલયની ફાઈલના તારણો મુજબ સંજીવ ઠાકર સારૂં વ્યક્તિત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેમણે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી લઈ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી છે. તેમનો ૩૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ છે અને સંસ્થા પરત્વેની પ્રતિબદ્ધતા વિશે તેમની વિરુધ્ધમાં કંઈ વાંધાજનક નથી. આ ધ્ પ્રકારે ડી.એન. રે પણ સારૂં વ્યક્તિત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેઓ સુપ્રીમ કોર્ટમાં પણ નિયમિત પ્રેક્ટિસ કરે છે અને તાજેતરમાં જ તેઓને સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ તરીકે સ્થાન મળ્યું છે. તેઓ જે કેસમાં અપીઅર થયા હોય તેવા ૫૮ ચુકાદા રિપોર્ટેડ થયા છે. આમ, તેઓ પણ યોગ્ય અને લાયક ઉમેદવાર છે. દરમ્યાન મૌલિક જીતેન્દ્ર શેલતના નામની પસંદગી મુદ્દે પણ ત્રણ જજોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જ્યારે એક જજે જણાવ્યું હતું કે, તેમણે વ્યક્તિગત રીતે તેમનું પર્ફોર્મન્સ જોયું નથી. ન્યાય મંત્રાલય તરફથી મળેલા ઈનપુટ્સ મુજબ મૌલિક શેલત પણ સારૂં વ્યક્તિત્વ અને છાપ ધરાવે છે. તેમની સંનિષ્ઠા પરત્વે પણ કંઈ વાંધાજનક નથી. આમ, ઉપરોક્ત ત્રણેય વકીલોને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સાથે સલાહ મસલત બાદ ઉપરોક્ત ત્રણ વકીલોને હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા બાબતની ભલામણ તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટને મોકલી આપી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટની કોલેજિયમે આ નામોને લઈ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલા મટિરિયલ્સ, દસ્તાવેજો સહિતની બાબતોની ચકાસણી કરાઈ હતી અને ન્યાય મંત્રાલય દ્વારા આ અંગેની ફાઈલમાં કરાયેલા તારણો પણ ધ્યાને લેવાયા હતા.

# 'આપ' પાર્ટીએ ચોંકાવ્યા : હરિયાણામાં શૂન્ય અને જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર બેઠક જીતી

(એજન્સી) તા.૧૧

આમ આદમી પાર્ટીના મેહરાજ મલિક-જેમણે ડિસેમ્બર ૨૦૨૦માં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં જમ્મુ અને કાશ્મીરમાં તેમની પાર્ટીને પ્રથમવાર ચૂંટણીમાં જીત અપાવી હતી તેમણે હવે આપને રાજ્યમાં પ્રથમવાર વિધાનસભા બેઠક આપવા માટે ડોડા વિધાનસભા બેઠક જીતી લીધી છે. જમ્મુ કાશ્મીરમા એક દાયકા બાદ પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. AAP નેતાએ બીજેપીના ગજય સિંહ રાણા કરતા ૪,૫૩૮ મતો આગળ કર્યા અને ૧૩ રાઉન્ડની ગણતરી બાદ નેશનલ કોન્ફરન્સના ખાલિદ નજીબ સુહરવર્દીને ૯,૮૯૪થી હરાવ્યા. ડોડા બેઠક ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના શક્તિ રાજે જીતી હતી, પરંતુ પરંપરાગત રીતે ૧૯૬૨માં પ્રથમ મતદાનથી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ વચ્ચે પલટાઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરમાં AAPની સફળતા ઘણા લોકો માટે આંચકા સમાન છે, ખાસ કરીને કારણ કે તે હરિયાણામાં એક પણ બેઠક જીતી શકી નથી. પાર્ટીના બોસ અરવિંદ કેજરીવાલના ગૃહ રાજ્ય હરિયાણામાં આમ આદમી પાર્ટીની આવી હાલત જોઈને બધા ચોકી ગયા છે. AAPની હરિયાણાની હાર પણ મહત્ત્વની છે કારણ કે તેણે કોંગ્રેસ સાથે બેઠક વહેંચણી કરવા માટે સહમતિ દર્શાવી નહોતી. જોકે લોકસભા ચૂંટણી દરમ્યાન બંને પક્ષો એકબીજા સાથે ઈન્ડિયા ગઠબંધન હેઠળ એક સાથે લડ્યા હતા. AAP અને કોંગ્રેસ બધાએ સમજૂતી ઉપર પહોંચી ગયા હતા પરંતુ બંને બાજુના રાજ્ય નેતાઓએ રાહુલ ગાંધી દ્વારા માંગવામાં આવેલા સોદાને વીટો કરી દીધો હતો, જેમણે ઘણીવાર વિપક્ષને એક થવાની જરૂરિયાતની વાત કરી હતી. જમ્મુ કાશ્મીરમાં શ્રી મલિક એવી સીટ અને પ્રદેશમાં આગળ રહ્યા હતા જે છેલ્લા કેટલાક મહિનાઓથી આતંકવાદી હુમલાઓથી પ્રભાવિત છે; તાજેતરમાં ઓગસ્ટમાં, હકીકતમાં, જિલ્લાના અસાર વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક આર્મી કેપ્ટન માર્યો ગયો હતો. એક નાગરિક પણ ઘાયલ થયો હતો. સુરક્ષા દળોએ યુનાઈટેડ સ્ટેટ્સ બનાવટની એસોલ્ટ રાઈફલ અને સાધનો અને લોજિસ્ટિક્સ સાથે ત્રણ લોહીથી લથપથ રકસેક પણ મેળવી હતી.

# ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં તોતિંગ વધારો કરવા સંચાલક મંડળની માંગણી

અમદાવાદ, તા.૧૧

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં જંગી વધારો કરવા માટે સંચાલક મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે. ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ત્રણ ગણો વધારો કરવામાં આવે તેવી રજૂઆત સંચાલક મંડળ દ્વારા રાજ્યના શિક્ષણંમત્રી સમક્ષ કરવામાં આવી છે. ફી વિકલ્પ ઉપરાંત નિભાવ ગ્રાન્ટમાં પણ વધારો કરવા માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શાળાઓની નિભાવ ગ્રાન્ટ અને પગાર ગ્રાન્ટ આપવાની યોજના અમલમાં આપી અને આ યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રતિ માસ તેમના બેંક ખાતામાં સીધા પગાર યોજના હેઠળ પગાર જમા કરાવવાની શરૂઆત થઈ હતી. ઉપરાંત શાળા સંચાલકોને શાળાના નિભાવ માટે નિભાવ ગ્રાન્ટ આપવાની શરૂઆત થઈ હતી. રાજ્ય સરકારે નિભાવ ગ્રાન્ટમાંથી પોતાનો ફાળો ઓછો કરવા માટે નિભાવ ગ્રાન્ટની સામે રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને નિભાવ ગ્રાન્ટ જતી કરીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલીને શાળાની નિભાવ કરવાની યોજના અમલમાં મૂકી હતી. આમ, ફી વિકલ્પોવાળી શાળાઓ અસ્તિત્વમાં આવી હતી અને છેલ્લા ઠરાવ મુજબ નિભાવની સામે ધોરણ પ્રમાણે ફી વસૂલવાનું નક્કી કરાયું હતું. જેમાં ધો.૯ માટે માસિક રૂા.૬૦, ધો.૧૦ માટે માસિક રૂા.૭૦, ધો.૧૧ માટે માસિક રૂા.૮૦ અને ધો.૧૨ માટે માસિક રૂા.૯૫ ફી વસૂલ કરવાની મંજૂરી અપાઈ હતી. જ્યારે પ્રયોગશાળા સત્રદીઠ ફી રૂા. ધો.૧૧ માટે રૂા.૬૫ અને ધો.૧૨ માટે ૮૦ નક્કી કરવામાં આવી હતી. જો કે, સંચાલક મંડળ દ્વારા ૨૦૧૭ના ઠરાવથી નક્કી કરવામાં આવેલી આ ફી સામે હવે ફી વધારો કરવા માંગણી કરી છે. જેમાં ધો.૯ માટે રૂા.૨૫૦, ધો.૧૦ માટે રૂા.૩૦૦, ધો.૧૧ માટે રૂા.૩૫૦ અને ધો.૧૨ માટે રૂા.૪૦૦ ફી રાખવા માંગણી કરી છે. જ્યારે પ્રયોગશાળા માટે ધો.૧૧માં રૂા.૫૦૦ અને ધો.૧૨માં રૂા.૬૦૦ રાખવા માંગણી કરી છે.

આ ઉપરાંત રાજ્યની ગ્રાન્ટેડ શાળામાં નિભાવ ગ્રાન્ટના સ્લેબ સુધારવાની સાથે-સાથે રાજ્યમાં ચાલતી ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ શાળાઓની ફીમાં પણ વધારો કરવા માંગણી કરાઈ છે. ૨૦૧૭ના ઠરાવ બાદ ૭ વર્ષનો સમયગાળો થયો ત્યારે દર વર્ષે ૭ ટકા ફી વધારો ગણવામાં આવે તો વર્તમાન ફીમાં અંદાજે ૫૦ ટકા ફી વધારો મળવાપાત્ર થાય તેમ છે. જેથી સંચાલક મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

# અંબુજા સિમેન્ટ દ્વારા ફેલાવાતું પ્રદૂષણ યથાવત રહેતા ગામ લોકો પહોંચ્યા હાઈકોર્ટ

કોડીનાર તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં આવેલ અંબુજા સિમેન્ટ કંપની દ્વારા જળ ધ્વનિ અને હવા પ્રદુષણ ફેલાવવામાં આવી રહ્યું છે જેમાં છેલ્લા પાંચ વર્ષમાં હવા પ્રદુષણ ભયંક રીતે વધારો થઈ રહ્યો છે જેથી વડનગર ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે તંત્રને અનેક રજૂઆત બાદ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી ન થતા ગામ લોકો હાઈકોર્ટમાં પહોંચ્યા હતા હાઈકોર્ટમાં એડવોકેટ પિટિશન દાખલ કરવામાં આવી છે. ગામ લોકો દ્વારા અવારનવાર તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં જવાબદાર તંત્રની ઘોર બેદરકારીના કારણે ગામ લોકો પ્રદૂષણનો ભોગ બની રહ્યા છે. વડનગર ગામના લોકો છેલ્લા ઘણા સમયથી અંબુજા સિમેન્ટ કંપનીના પ્રદૂષણના ભોગ બની રહ્યા છે તેના પાકો વારંવાર નિષ્ફળ જઈ રહ્યા છે તેમજ તેના કુવા ની અંદર લાલ પાણી જોવા મળી રહ્યું છે જેના કારણે ખેડૂતોને આર્થિક ફટકો પડી રહ્યો છે કોડીનારના ખેડૂતો માટે અંબુજા સિમેન્ટ પ્લાન્ટ આફત લઈને આવ્યો છે. અંબુજા સિમેન્ટ પ્લાન્ટથી ખેડૂતોની કરોડોની જમીન બરબાદ થતાં ખેડૂતો સરકાર સામે આજીજી કરી રહ્યા છે. ભારે ડસ્ટીંગના કારણે ખેડૂતો પરેશાન થઈ ગયા છે. કેમિકલ યુક્ત પાણીથી ખેતરોનો ઉભેલા લીલાપાક ભૂરા રંગના થઈ ગયા છે. સિમેન્ટના ડસ્ટથી કોડીનાર તાલુકાની ૨૨૦૦ વીઘા જમીનને નુકસાન થઈ રહ્યું છે. આ ડસ્ટથી ખેડૂતોનો તૈયાર ઉનાળુ પાક નિષ્ફળ જવાની સંભાવના છે. અંબુજાની ડસ્ટથી કેડીઓ ઉપર સિમેન્ટના થર જામી ગયા છે. નારિયેળ શેરડીના પાકન પણ નુકસાન થઈ રહ્યું છે. ખેડૂતોના કહેવા મુજબ વારંવાર સરકારમાં રજૂઆત કરવા છતાં આજ દિન સુધી કંપની સામે કોઈ જ કાર્યવાહી થઈ નથી. કરોડો કમાતી કંપનીને તેના પ્લાન્ટની આસપાસ રહેતા લોકોના સ્વાસ્થ્યની જરા પણ ચિંતા નથી.અને પર્યાવરણના તમામ નિયમો નેવે મુકીને બેફામ રીતે કેમિકલ અને ઝેરી પાવડર છોડવામાં આવી રહ્યો છે. આસપાપાસના લોકો પરેશાન છે. ખેતીને પણ મોટુ નુકસાન છે.

મિલતા હૈ, જહાં ન્યાય, વો દરબાર યહાં હૈ, સંસાર કી સબસે બડી સરકાર યહાં હૈ'

# આજે ૧૧ ઓકટોબર ભારતના મિલેનિયમ મહાનાયક અમિતાભ બચ્ચનનો જન્મદિવસ

## સોમનાથ અને અમિતાભ રીલ લાઈફના 'સરકાર' રિયલ વિશ્વ સરકારના દરબારમાં આવી ચુકેલા છે અમિતાભ બચ્ચન





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૧

સદીના મહાનાયક અને ભારતના સુપર સ્ટાર ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનનો આજે તા.૧૧ ઓકટોબરે જન્મદિવસ છે. આજરોજ તા.૧૧-૧૦-૧૯૪૨ ના રોજ અલ્હાબાદ મુકામે જન્મેલા તેઓ સોમનાથ ખાતે ગુજરાત ટુરીઝમના પ્રવાસ પ્રમોશન 'ખુશ્બુ ગુજરાત કી' ના શુટીંગ માટે આવેલા હતા. બોલીવુડના શહેનશાહ માટે હાલ સોમનાથ સોમનાથ મંદિર પાસે આવેલ વીવીઆઈપી ગેસ્ટહાઉસમાં એક નંબરનો રૂમ ફાળવવામાં આવેલ હતો. જે રૂમને આજે પણ કેટલાક પ્રવાસીઓને ઓળખ અપાય છે કે અમિતાભ અહીં ઉતરેલ હતા.

સોમનાથના ભાસ્કર વૈદ્ય તે સંસ્મરણો વાગોળતા કહે છે કે, સોમનાથ ખાતે જે દિવસોમાં રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન આવે તેવી જબ્બર વ્યવસ્થાઓ કરાઈ હતી. સમગ્ર સોમનાથ મંદિરના ઘેરાવને ભરતકામવાળા રંગબેરંગી તોરણો લગાવાયા હતા. મંદિરના સ્થંભો ઉપર ખાસ બેંગ્લોરથી મંગાવેલા રંગબેરંગી કમળફૂલ જેવા જલબેરાના ફુલો લગાવાયા હતા. મંદિરની ફર્સ એવી ઘસી-ઘસીને ચકચકીત ચળકાટવાળી બનાવી હતી. અમિતાભના રૂમમાં ખાસ ઈન્ટરનેટ જોડાણવાળું કોમ્પ્યુટર લગાવાયું હતું. જેથી તે સોમનાથ મુલાકાત દરમ્યાન પોતાના સ્વકલીકથી બ્લોગ લખી શકે અને અમિતાભના રૂમમાં વિશાળ સ્ક્રીનનું એલસીડી ટીવી ગોઠવાયું હતું.

વાત હવે મજા આવે એવી.. અમિતાભની ઉંચાઈ પાંચ ફુટથી વધુ હોય, આવડો પલંગ તો અહીં હતો નહીં. જેથી આ અગાઉ તે સાસણ આવેલ તે સમયે સુતાર પાસે તેના માપનો ખાસ પલંગ બનાવ્યો હતો તેને ઝડપથી વાહન દોડાવી સોમનાથ લવાયો હતો.

અમિતાભની ઉંચાઈ ૬ ફુટ બે ઈંચ હય જેથી તે માપનો અને માત્ર તેને જ કામ લાગે તેવી લંબાઈનો તે પલંગ હતો. અમિતાભે સોમનાથ મંદિરમાં હજારો દિવડાઓ સામે ઉભીને તેમજ હાલના કિર્તન હોલના ગણપતિ મંદિર પાસે આવેલ હોલના ખુણે તેમજ સોમનાથ મંદિર બહાર અહલ્યાબાઈ સોમનાથ મંદિર બહાર અહલ્યાબાઈ સોમનાથ મંદિર પાસે આવેલ વડલા પાસે ઉભી શુટીંગ કરાવ્યું હતું.

અમિતાભે સોમનાથ મંદિરના લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં પણ પોતાનો અવાજ વિનામૂલ્યે આપેલ છે. અમિતાભ બચ્ચન તા.૪-૬-૨૦૧૦ ના રોજ સોમનાથ ખાતે શુટીંગ માટે આવેલ ત્યારે અઢળક પોલીસ બંદોબસ્ત તેમને વિક્ષેપ ન પડે તે માટે ખડકી દેવામાં આવ્યો હતો.

અમદાવાદ, રાજકોટના તથા સ્થાનિક પત્રકારો ખુબજ ઝઝુમ્યા પરંતુ પોલીસે જણાવ્યું કે ઉપરથી જ આદેશ છે કે કવરેજ નહીં કરી શકો. અમિતાભને 'કુલી' ફિલ્મમાં જયારે અકસ્માત નડયો હતો ત્યારે પ્રભાસ અને તેની આસપાસના સિનેચાહકો તે જલ્દી સાજા થઈ જાય તે માટે સોમનાથમાં પ્રાર્થના અને પોસ્ટકવરમાં સોમનાથના બિલ્વપત્રો-પુષ્પો અમિતાભને મોકલી કરાયેલ પ્રાર્થના સાથે આશીર્વાદ મોકલેલ હતા.

હજુ પણ 'કૌન બનેગા કરોડપતિ'માં સ્પર્ધક તરીકે આ વિસ્તારનો કોઈપણ સ્પર્ધક સિલેકટ થાય છે ત્યારે સોમનાથ છબી, બિલ્વપત્ર, પુષ્પ, પ્રસાદી અવશ્ય લેતા જાય છે અને તેને ભાવથી અર્પણ કરે છે. 'ખુશ્બુ ગુજરાત કી' અંતર્ગત સોમનાથ મંદિર અંગે તેને કરેલું પ્રમોશન, પ્રેઝન્ટેશન એટલું સફળ અને અસરકારક રહયું કે ત્યારથી ભાવિકો અને યાત્રિકોમાં ખુબજ વધારો થયો છે.

## ઉનાની મહિલા આર્ટસ કોલેજમાં નવરાત્રીની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૧

ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ અને શ્રીમતી ગાંધી કન્યા વિદ્યાલય ઊના દ્વારા કોલેજના સંકુલમાં શરદીય નવરાત્રી નિમિત્તે કોલેજ અને વિદ્યાલયમાં અભ્યાસ કરતી દિકરીઓ ટ્રેડીશનલ પોષક ધારણ કરી ઘરેથી આરતીની થાળીઓ શણગારી લાવેલ અને આરતીથી માતાજીની સમુહ આરતી ઉતારી હતી. અને સમહુમાં મહારાસ ગરબાઓ લઈ માતાજીની ભક્તિ કરી હતી. આ પ્રસંગે ઊના તાલુકા કેળવણી મંડળના પ્રમુખ જીતુભાઈ શેઠ, મંત્રી કિરીટભાઈ દેસાઈ, સૂર્યકાંતભાઈ ગાંધી, કોલેજના પ્રિન્સીપાલ ડો. લલિતભાઈ બારીયા, કન્યા વિદ્યાલયના પ્રિન્સીપાલ દીપ્તિબેન ગોસ્વામી તેમજ સ્ટાફના લોકોએ રાસ ઉત્સવ માણેલ હતો.

## ઊનામાં ગઈકાલે અડધો ઈંચ વરસાદ પડતા ગરબીના પંડાલમાં પાણી ભરાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૧

ઊના પંથકમાં ચિત્રા નક્ષત્ર વર્ષિયું ગઈકાલે બપોરે બે વાગ્યાથી સુર્ય નારાયણ ચિત્રા નક્ષત્રમાં પ્રવેશ કરતા તેમજ વાહન ભેંસ હોય વરસાદ વધુ પડે તેવું ખેડૂતોનું માનવું છે. ઊના શહેર અને તાલુકા મોડી રાત્રીથી આકાશમાં વીજળીના ચમકારા સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો જે આજે બપોરના એક વાગ્યા પછી ધોધમાર વરસાદ વરસી જતા બપોરે ત્રણ સુધીમાં ૧૩ મીમી એટલે અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. મોસમનો ૮૪૮ મી.મી. વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે ગરબીના મેદાનમાં પાણી ભરાઈ જતાં આજે રાત્રે આનંદ વાટિકા ચોકમાં બહુચરાજી ગરબી મંડળના આયજકે આજે ગરબીનો રાસનો કાર્યક્રમ બંધ રાખેલ છે. તેમજ અમુક વિસ્તારોમાં ગરબીના મેદાનમાં પાણીને કારણે માટી ભીની થઈ ગઈ હોય ગરબીના સંચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ઊના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ એક ઈંચથી વધુ વરસાદ વરસી ગયાના અહેવાલ મળે છે. ચોમાસુ આગોતરો પાક મગફળી, કપાસ, બાજરો, સોયાબીનના પાકને નુકશાની જવાની ભીતિ સેવાઈ રહી છે.

# વિશ્વ અવકાશ સપ્તાહ-૨૦૨૪ની વિવિધતા સભર ઉજવણી કરતું જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ



(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૧૧

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા તારીખ.૦૪/૧૦/૨૦૨૪ થી તા.૧૦/૧૦/૨૦૨૪ 'વર્લ્ડ સ્પેસ વીક'ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

આ અંગે વિસ્તૃત માહિતી આપતા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે દર વર્ષે ૪ થી ૧૦ ઓકટોબર દરમિયાન વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે વર્લ્ડ સ્પેસ વીક ૨૦૨૪ની થીમ "સ્પેસ એન્ડ કલાઈમેટ ચેન્જ" છે. આ થીમ આબોહવા પરિવર્તન સામેની લડાઈમાં સ્પેસ ટેક્નોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડે છે અને કેવી રીતે અવકાશ સંશોધન આપણને પૃથ્વીની આબોહવાને સમજવા અને તેનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે.

૪ ઓક્ટોબર ૧૯૫૭માં સૌ પ્રથમ વાર માનવ નિર્મિત ઉપગ્રહ 'સ્પૂતનિક ૧'ને અવકાશમાં તરતો મૂકાવાની અને ૧૦ ઓક્ટોબર ૧૯૬૭માં ચંદ્ર અને અન્ય અવકાશી પદાર્થો સહિત બાહ્ય અવકાશના અન્વેષણ અને શાંતિપૂર્ણ ઉપયોગોમાં રાજયોની પ્રવૃત્તિઓને સંચાલિત કરતા સિદ્ધાંતો પરની સંધિ પર થયેલા હસ્તાક્ષરની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ અવકાશ સપ્તાહની વિવિધતા સભર ઉજવણીમાં લોક વિજ્ઞાન કેન્દ્રના કમ્પ્યુટર ઓપરેટર હિતેશભાઈ સોલંકી દ્વારા ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૩૮૫ થી વધારે લોકોએ ભાગ લીધેલ ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા ખાતે 'મોડેલ રોકેટ મેકિંગ' વર્કશોપનું તથા વર્લ્ડ સ્પેસ વીક ડોક્યુમેન્ટરી ફિલ્મ શોનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૩૫૦ થી વધારે બાળકોએ ભાગ લીધેલ જેના તજજ્ઞ તરીકે પી.એમ. બામણીયા તથા આર.કે. બારડ રહ્યા હતા. ત્યારબાદ શ્રી આજોઠા સીમ પ્રાથમિક શાળા તથા કુકરાસ પ્રાથમિક શાળા ખાતે વિડિયો નિર્દર્શન તથા પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વ અવકાશ સપ્તાહ વિશે બાળકોને માહિતી આપવામાં આવેલ જેમાં કુલ ૧૬૦ થી વધારે બાળકોએ ભાગ લીધેલ જેના તજજ્ઞ તરીકે લોકોના કેન્દ્રના સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી રહેલ. આ સંદર્ભે ગુજકોસ્ટ દ્વારા ગાંધીનગરમાં **ITI** ફોર ગર્લ્સ ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ડૉ. શિલ્પા પંડ્યા, ડેપ્યુટી ડાયરેકટર, સિસ્ટમ્સ રિલાયબિલિટી એન્ડ સેફટી એરિયા **(SRSA), SAC ISRO,** દ્વારા ઈવેન્ટનું ઉદ્‌ઘાટન અને સંપૂર્ણ વક્તવ્ય આપવા આવેલ જે સમગ્ર કાર્યક્રમ લાઈવ સ્ટ્રીમ દ્વારા એમ જે સ્વામિનારાયણ હાઈસ્કુલ ખાતે રાખવામાં આવેલ જેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.આ સેશનમાં અવકાશ વિજ્ઞાન સાથે જોડાયેલી અનેક રસપ્રદ માહિતીઓથી વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે 'આકાશદર્શન કાર્યક્રમ' પણ રાખવામાં આવેલ હતો. જેમાં કુલ ૧૨૫ જેટલા લોકોએ ભાગ લીધેલ હતો જેના તજજ્ઞ તરીકે લોક વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા રહ્યા હતા.

## રઘુવંશી સમાજના પુત્રએ માતાનું અવસાન થતા ચક્ષુદાન કરાવ્યું



રાજકોટ તા. ૧૧

રાજકોટ નિવાસી રઘુવંશી સમાજના ઈન્દુબેન વસંતભાઈ કાનાબારનું દુઃખદ અવસાન થતા માંગરોળ તાલુકાના આરેણા ગામમાં ચક્ષુદાન પ્રવૃત્તિ કરતા નાથાભાઈ નંદાણીયાની પ્રેરણાથી સદ્‌ગતના પુત્ર મનીષભાઈએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

શહેરના સેવાભાવી તબીબ ડો.ધર્મેશ શાહે ચક્ષુનો સ્વીકાર કરેલ હતો. ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને સમિતિના સંયોજક અનુપમ દોશી તેમજ જૈન સોશિયલ ગ્રુપ આઈ ડોનેશન કમીટીના ચેરમેન ઉપેનભાઈ મોદીએ મોદી પરિવારનો આભાર માનેલ છે. શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી કરેલ છે. ચક્ષુદાન માટે કોઈપણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦-૪૩૧૪૩ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## આશાપુરા મઢ મંદિર ભવનાથ ખાતે માતાજીનો હવન યોજાશે

જૂનાગઢ તા. ૧૧

શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ પુરોહિત પરિવાર જૂનાગઢ દ્વારા શ્રી રાજ રાજેશ્વરી આશાપુરા માતાજીનો નવરાત્ર હવન આસો સુદી નોમ તા.૧૨-૧૦-૨૪ ને શનિવારના રોજ આશાપુરા મઢ મંદિર, ભવનાથ જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. યજ્ઞમાં બીડું હોમવાનો સમય સાંજે ૪.૩૦ કલાકે રાખેલ છે. આ યજ્ઞ નારાયણનાં દર્શનનો લાભ લેવા સમસ્ત પુરોહીત પરિવાર, જ્ઞાતિજનો તેમજ આશાપુરા ભકત પરિવારને એક યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ઊનામાં વિજયા દશમી ને શનિવારે ધર્મસભા અને રાવણ દહન કાર્યક્રમ યોજાશે

ઉના તા. ૧૧

ઊના શહેરમાં શાહ એચ.ડી. હાઈસ્કુલના મેદાનમાં દર વર્ષની પરંપરા મુજબ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ ઊના પ્રખંડ દ્વારા આગમી તા.૧૨/૧૦/૨૪ ને શનિવારે સાંજે ૭.૩૦ કલાકે અસત્ય ઉપર સત્ય, અધર્મ ઉપર ધર્મનો અન્યાય ઉપર ન્યાયનો વિજય પર્વ ઉજવવા ભ્રષ્ટાચાર રૂપી રાવણના પૂતળાનું દહન યોજાશે. આ પ્રસંગે સંત શિરોમણી પંચ અખાડાના સભાપતિ વંદનીય પુ.સંત શ્રી મુકતાનંદ બાપુ અને શહેર તાલુકાના સાધુ, સંતો પધારી આશીર્વચન આપશે. જેમાં ઊના શહેર અને તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો પધારી રાવણ દહન ઉત્સવ માણશે.

દશેરાનું મહત્વ

# વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે

આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે એને દશેરા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનો સાચો અર્થ માઠી દશા હરનાર એવો થાય છે. દશેરાનો ખરો અને સાચો ઉચ્ચાર દશહરા છે, પરંતુ કાળક્રમે અપભ્રંશ થઈને દશેરા શબ્દ બની ગયો છે. નવરાત્રિનાં નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં શ્રી રામ અને રાવણનું મહાયુદ્ધ સતત નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દશમાં દિવસે રામે રાવણના રામ રમાડી દીધા હતા, તેથી આ પર્વને વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે. વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે. અહંકારી દુષ્ટ રાવણનો શ્રી રામચંદ્રએ વધ કર્યો અને લંકા ઉપર જે વિજય પતાકા ફરકાવી અને સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજયાદશમી કહેવામાં આવે છે.

દશેરાને બહુ પવિત્ર દિવસ માનવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદઘાટન કે શુભારંભ કરે છે. અમુક વ્યક્તિઓ પોતાના વાહનો તથા પશુધનને ફૂલહાર ચઢાવી શણગારે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔધોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનોની સાફ સફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલથી પૂજા કરવાનું વિશેષ મહત્વ છે.દશેરાના દિવસે સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે.એવુ કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાતવાસ વિતાવતાં પહેલાં, પોતાનાં દિવ્ય અસ્ત્ર શસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતાં અને અજ્ઞાતવાસ પૂરો કર્યા પછી દશેરાના શુભ દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા અર્ચના કરીને, તેમનાં દિવ્ય આયુધો પરત મેળવ્યાં હતાં.અને આ કારણે જ ઈતિહાસમાં સમી વૃક્ષનું મહાત્મ્ય અનોખી રીતે વણાઈ ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાતજાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો યોજાતા હતાં અને રાજા મહારાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી અને રાજા મહારાજાઓ તરફથી ખિતાબ, ઈલ્કાબ તથા માન આકરામથી વિશેષ વ્યક્તિઓને નવાજવામાં આવતા હતાં તથા ગરીબ,પછાત અને જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા, ભેટ સૌગાતો તથા મિઠાઈ વહેંચવામાં આવતી હતી. મોટા શહેરોમાં રાતે રાવણ દહન જેવા કાર્યક્રમો યોજાય છે. દશેરાના દિવસે લગભગ નાના મોટા દરેક નગરોમાં જલેબી ફાફડા ખાવાનો રિવાજ છે. ટૂંકમાં દશેરા એ આનંદ પ્રમોદ અને ખુશી મનાવવાનું પર્વ છે.

- યોગેશભાઈ આર જોશી
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક
હાલોલ:૩૮૯૩૫૦, જિ.પંચમહાલ

# આજે ૧૧ ઓકટોબર, 'આંતરરાષ્ટ્રીય ગર્લ ચાઈલ્ડ દિવસ'

બેઈજિંગ ઘોષણા એ પ્રથમ છે જે ખાસ કરીને છોકરીઓના અધિકારોને બોલાવે છે. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૧ ઓક્ટોબરને આંતરરાષ્ટ્રીય ગર્લ ચાઈલ્ડ દિવસ તરીકે જાહેર કરવા માટે ઠરાવ ૬૬/૧૭૦ અપનાવ્યો હતો, જેથી છોકરીઓના અધિકારો અને વિશ્વભરમાં છોકરીઓ જે અનોખા પડકારોનો સામનો કરે છે. વિશ્વભરની છોકરીઓ તેમના શિક્ષણ, તેમની શારીરિક અને માનસિક સુખાકારી અને હિંસા વિનાના જીવન માટે જરૂરી સુરક્ષા માટે અભૂતપૂર્વ પડકારોનો સામનો કરવાનું ચાલુ રાખે છે. વિકલાંગ છોકરીઓને સપોર્ટ અને સેવાઓ મેળવવામાં વધારાના અવરોધોનો સામનો કરવો પડે છે. એક છોકરીને માર્ગદર્શન આપવું અને યોગ્ય મૂલ્યો શીખવવાની જરૂર છે જે તેણીના સ્વ-મૂલ્યમાં સુધારો કરશે. છોકરી બાળક માટે પૂરી પાડવામાં આવે છે, કાળજી, **cherish** અને પ્રેમ કરવાની જરૂર છે. છોકરીને વારંવાર ખાતરી કરવી જરૂરી છે કે તે અમૂલ્ય છે. માતાપિતા, સંભાળ આપનારાઓ, સરકારો અને મોટાભાગે સમાજ તેના માટે ઋણી છે. છોકરીઓને તેમનું શિક્ષણ પૂર્ણ કરવાની સમાન તક મળવી જોઈએ. તેઓ શાળામાં હોય ત્યારે સલામત અનુભવે. શ્રમ બજારમાં સ્પર્ધા કરવા માટે છોકરીઓએ પૂરતું જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવું જોઈએ. તેઓ ઝડપથી બદલાતી દુનિયામાં નેવિગેટ કરવા અને અનુકૂલન કરવા માટે જરૂરી જીવન કૌશલ્યો શીખવા સક્ષમ હોવા જોઈએ. કારણ કે તેના વિના આપણે આપણા અસ્તિત્વ વિશે વિચારી શકતા નથી. તેથી, માનવીને લુપ્ત થવાથી બચાવવા માટે આપણે બાળકીને બચાવવાનાં પગલાં લેવા પડશે. બેટી બચાઓ અભિયાન ચાલે છે. તેમને સમાન તક આપીને બચાવી લેવા જોઈએ, અને જીવનમાં આગળ વધવાની આદર અને તક મળે છે. પરિવારો, સમુદાયો અને દેશોના સ્વાસ્થ્ય અને સામાજિક વિકાસ માટે મહિલાઓનું સશક્તિકરણ જરૂરી છે. જ્યારે મહિલાઓ સુરક્ષિત, પરિપૂર્ણ અને ઉત્પાદક જીવન જીવે છે, ત્યારે તેઓ તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી શકે છે. કાર્યબળમાં તેમની કૌશલ્યોનું યોગદાન આપે છે અને વધુ સુખી અને સ્વસ્થ બાળકોનો ઉછેર કરી શકે છે.

- ડો.જી.આર.ગોહિલ

ગરવા ગિરનારની ટોચ પર આવેલ શક્તિપીઠ

# અંબાજી માતાજીના મંદિરે આજે હવનાષ્ટમીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી






## માતાજી સન્મુખ યજ્ઞનો કાર્યક્રમ યોજાયો : પૂજારી દ્વારા યજ્ઞમાં આહૂતિ અપાઈ

જૂનાગઢ તા.૧૧ આસો માસની નવરાત્રીની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજે આઠમના દિવસે એટલે કે, હવન અષ્ટમીના દિવસે ઠેર-ઠેર યજ્ઞ સહિતના કાર્યક્રમો યોજાયા હતા અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

નવરાત્રી અને તેમાં પણ આસો માસની નવરાત્રીમાં આઠમનું ખુબ જ મહત્વ રહેલું છે. આજે આઠમના દિવસે માતાજીના મંદિરો તેમજ ધાર્મિક સ્થળોએ હવનના કાર્યક્રમો તેમજ માતાજીના નિવેધના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીના મંદિરોમાં પણ આજે વિશેષ પૂજાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જયારે ગિરનાર પર બિરાજતા જગતજનની મા અંબાજી માતાજીના મંદિરે આજે આઠમ એટલેકે હવન અષ્ટમીના દિવસે માતાજી સન્મુખ યજ્ઞનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પૂજારી દ્વારા યજ્ઞમાં આહૂતિ આપવામાં આવી હતી અને માતાજીની આરાધના કરવામાં આવી હતી.

દરમ્યાન જૂનાગઢ શહેર અને જીલ્લાભરમાં તેમજ સૌરાષ્ટ્રમાં ધાર્મિક સ્થળોએ અને માતાજીના મંદિરોએ પણ હવન સહિતના કાર્યક્રમો આજે ભાવપૂર્વક યોજાય રહ્યા છે અને બીડુ હોમવાના સમયે મોટી સંખ્યામાં ભક્તજનો દર્શનનો લાભ લઈ રહ્યા છે.

# જૂનાગઢમાં ફરસાણ - મીઠાઈનાં વેપારીઓ દ્વારા ‘દશેરા’ની તૈયારી





## શહેરના વિવિધ વિસ્તારોમાં ફાફડા-જલેબી મીઠાઈની વેરાયટીઓ વેચાણ માટે માંડવા બાંધી વેચાણ કેન્દ્ર શરૂ કરાયા

જૂનાગઢ તા. ૧૧ વિજયાદશમી ‘દશેરા’ પર્વના આગમન ટાંકણે જૂનાગઢમાં મીઠાઈ-ફરસાણના વેપારીઓદ્વારા જોરદાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ફાફડા-જલેબીની સાથે મીઠાઈઓની વિરૂધ્ધ વેરાયટીઓનાં વેચાણ માટે મંડપો ઉભા કરી વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહયા છે અને ઠેરઠેર તહેવાર ટાંકણે તાવડાઓ ધમધમવા લાગ્યા છે.

આપણે ત્યાં તહેવારોનું આગવું મહત્વ રહેલું છે. દરેક ધર્મનાં તહેવારોને ઉત્સાહપૂર્વક મનાવવામાં આવે છે અને તહેવારો દરમ્યાન બજારોમાં પણ રોનક છવાઈ જતી હોય છે. સાતમ-આઠમનાં તહેવાર બાદ નવરાત્રીની ઉજવણી ઉત્સાહપૂર્વક થઈ રહી છે અને વિજયાદશમી દશેરા પર્વને પણ ધામધુમથી અને ઉત્સાહપૂર્વક ઉજવવા લોકો તૈયાર થઈ ગયા છે. તહેવારોનાં દિવસોની ઉજવણી દરમ્યાન મીઠાઈ-ફરસાણનું પણ ખાસ મહત્વ રહેલું છે. લોકો ફરસાણ-મીઠાઈની પણ વિશેષ ખરીદી કરતા હોય છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો અન્ય શહેરોની માફક જૂનાગઢ શહેરનાં લોકો પણ ફરસાણ-મીઠાઈનાં શોખીન છે. ફાફડા-જલેબી, વણેલા ગાંઠીયાનાં આ શહેરના લોકો ખાસ શોખીન છે. સવારમાં ગરમાગરમ ગાંઠીયા અને જલેબી મોજથી આરોગે છે. તેમાંય તહેવારો દરમ્યાન વિવિધ મીઠાઈ-ફરસાણનાં પણ જબરા શોખીન છે અને દર વર્ષે તહેવારો દરમ્યાન ફરસાણ અને મીઠાઈ કરોડો રૂપિયાનાં આરોગી જતા હોય છે. તહેવારોમાં ફરસાણ - મીઠાઈની દુકાનોમાં તેજી રહેતી હોય છે અને જબ્બર વેચાણ થતું હોય છે.

જૂનાગઢ શહેરમાં ફરસાણ - મીઠાઈ તૈયાર કરવામાં આવતી હોય છે અને મંડપો ઉભા કરી વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવતા હોય છે દશેરાનાં તહેવારનાં આગમન ટાંકણે જૂનાગઢ શહેરમાં આવેલ ડેરી ફાર્મ, સ્વીટમાર્ટ, ફરસાણ - મીઠાઈના વેપારીઓ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરસાણ - મીઠાઈનાં વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહયા છે અને ખાસ ફરસાણ - મીઠાઈ બનાવવામાં આવી રહી છે.

જૂનાગઢ શહેરમાં એમ.જી. રોડ, રાણાવાવ ચોક, તાલુકા શાળા સામે આવેલ જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી લોકોને તાજુ ફરસાણ અને મીઠાઈઓની વિવિધ વેરાયટીઓ આપવામાં આવે છે.

પ્રો. મનસુખભાઈ રૂપારેલીયા અને દિપકભાઈ રૂપારેલીયાના દેખરેખ હેઠળ જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મમાં ગ્રાહકોનો સંતોષ એ જ અમારો સંતોષનાં ધ્યેય સાથે ફરસાણ તેમજ મીઠાઈઓની વિવિધ આઈટમો આપી રહયા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરા પર્વ પ્રસંગે ફરસાણ મીઠાઈના ભાવમાં જંગી ઘટાડા સાથે ફરસાણ તથા મીઠાઈમાં વિશાળ વેરાયટીઓ સાથે લોકો તહેરવારોની મોજ માણી શકે તેવી અનેક વેરાયટીઓ ઉપલબ્ધ બનાવી છે. દશેરાનાં તહેવાર નિમિતે ફરસાણ મીઠાઈનાં ભાવમાં જંગી ઘટાડો રાખ્યો છે જેમાં મીક્ષ મીઠાઈ રૂા. ૨૦૦, માવાની મીઠાઈ રૂા ૨૮૦, દૂધની મીઠાઈ રૂા. ૩૬૦માં લોકોને પરવડી શકે. તહેવાર માટે ખાસ બનાવવામાં આવેલ ફરસાણ અને મીઠાઈ વેચાણ માટે મંડપો બાંધી વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત દશેરા પર્વને ધ્યાનમાં રાખી જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ ફરસાણ એન્ડ મીઠાઈનાં વેપારીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. આમ દશેરા પર્વની લોકો ફરસાણ - મીઠાઈની ખરીદી સાથે તહેવારને ભરપુર મનાવશે.

(તસ્વીર : ધીરૂ સોની)

# જૂનાગઢમાં પોલીસની ખોટી ઓળખ આપી લૂંટ ચલાવનાર ત્રણ શખ્સો પૈકી એકની ધરપકડ

જૂનાગઢ તા.૧૧ જૂનાગઢમાં પોલીસની ખોટી ઓળખ આપી અને લૂંટનો એક બનાવ બનવા પામ્યો હતો. પોલીસ ફરિયાદ બાદ આ બનાવની પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી અને લૂંટ ચલાવનાર ત્રણ શખ્સ પૈકી ૧ની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા પાસે આવેલ ખ્વાજા નગરમાં રહેતા ૨૩ વર્ષીય રાહુલ વિનોદભાઈ કાંજાણી નામનો યુવક ૬ ઓક્ટોબરના રોજ રાત્રે૯ વાગ્યે તેની ફ્રેન્ડ સાથે ગરબી જોવા નીકળ્યો હતો. અને ઝાંઝરડા રોડ પર આવેલ સોપાનપાર્કના સિમેન્ટ રોડ પર ઉભા રહી તેમના અન્ય મિત્રોને રાહ જોતા હતા.

આ સમયે બે અજાણ્યા જીજે ૧૧ ૨૧૬૦ નંબરના તથા જીજે ૧૧ એકે ૦૦૯૨ નંબરના બસમયેપર અને મોપેડ પર આવેલ ૩ શખ્સે યુવક અને તેની મિત્ર પાસે આવી પોલીસની ખોટી ઓળખ આપી માર મારી છરી બતાવી ધમકી દઈ રૂપિયા ૮૦૦ની લૂંટ ચલાવી નાસી ગયા હતા.

આ ઘટનાના પગલે ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાના માર્ગદર્શનમાં તાલુકા પીએસઆઈ ડી. કે. સરવૈયા, એલસીબી, એસઓજી સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી. અને ૩ આરોપી પૈકી જૂનાગઢમાં ખામધ્રોળ રોડ પર આવેલ હર્ષદનગરમાં તૈયબા મસજિદની સામે રહેતો ૩૦ વર્ષીય રાહુલ રજાક પરમારને ઝડપી લઈ જીજે ૧૧ એકે ૦૦૯૨ નંબરનું બાઈક કબજે કર્યું હતું. અને એક દિવસના રિમાન્ડ પર મેળવી પૂછપરછ હાથ કરી રિમાન્ડ પુરા થતા જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો.

## જૂનાગઢમાં છરીની અણીએ વિદ્યાર્થીનો મોબાઈલ લૂંટી લેનાર શખ્સ ઝડપાયો

જૂનાગઢ તા.૧૧ : જૂનાગઢ આઈટીઆઈનો વિદ્યાર્થી ૧૭ વર્ષીય નિખિલગીરી નયનગીરી મેઘનાથી પાસેથી છરીની અણીએ મોબાઈલની લૂંટ ચલાવનાર શખ્સને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર મંગળવારે સાંજે આઈટીઆઈમાંથી છુટીને ધોરાજી તાલુકાના જમનાવડ ગામનો નિખિલગીરી કાળવા ચોક તરફ જઈ રહ્યો હતો. ત્યારે સ્વામી વિવેકાનંદ સ્કૂલ સામેના ગ્રાઉન્ડમાં ૨ અજાણ્યા શખ્સ ફોન કરવાના બહાને મોબાઈલ લઈ છરીથી બાઈક બતાવી રૂપિયાની માંગણી કરી હતી. અને રૂા.૧૦,૦૦૦નો મોબાઈલ લૂંટીને નાસી ગયા હતા. એ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં બોંડિંગ વાસમાં રહેતો ૧૮ વર્ષીય દીપક ઉર્ફે દીપુ મનોજ સોલંકીને પકડી લઈ તેની પાસેથી મોબાઈલ ફોન કબજે લીધો હતો. પૂછપરછ કરી આરોપીને જેલમાં ધકેલી દીધો હતો. લૂંટના આ બનાવમાં દીપક ઉર્ફે દીપુ સોલંકી સાથે બીજો આરોપી સગીર હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ બાળ આરોપી વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## વંથલીના દિલાવરનગરમાં ૪ જુગારીઓ જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧ વંથલીના દિલાવરનગરમાં જાહેરમાં જુગાર રમતા ૪ને વંથલી પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે દિલાવરનગરમાં જાહેરમાં જુગાર રમતા કરીમ મસરીભાઈ લાડક, રસુલભાઈ મીઠુભાઈ ખારી, ઈકબાલભાઈ હાસમભાઈ જોખીયા, ઈકબાલભાઈ નીજુભાઈ બ્લોચને ૭૩૬૦ રોકડ, ૩ મોબાઈલ, ૧ મોટર સાયકલ મળી કુલ ૩૭૮૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે રસુલ હાજીભાઈ લાડક નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
• ૧૦૦% પ્રેકટીકલ
• સરળ ભાષામાં સિચરી
• હોસ્ટેલ સુવિધા
• બસસ્ટેન્ડથી ખૂબ નજીક
• રેલ્વે સ્ટેશનથી નજીક
• ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો